હાત્માઓની શોધમાં.

વૈરાગી

મહાત્માઓની શોધમાં.

[“વૈરાગ” ચોપાન્યાં ઉપરથી.]

“જેઓ ખુદ પોતાની મતલબને માટે મહાત્માઓની શોધમાં રહે છે, તેઓ તેમને કદી પણ શોધી શકશે નહીં. જેઓ ખુદ પોતાને માટે સિદ્ધિઓની ખાહેશ રાખે છે, તેઓ જરૂર નિષ્ફળ થવાને પાત્ર છે. મહાત્માઓની સનમુખ જવાના માર્ગનુ બારણુ ઘણુંજ નાનુ છે, અને સઘળા દરવાજાઓમાં તે દરવાજો જે ઘણોજ સાંકડો અને મુશકેલ છે, તેમાંથી જેઓની પીઠ ઉપર ખુદીનો બોજો હોય છે, તેઓથી પસાર થઇ શકાતું નથી.”

ANNIE BESANT.

લખનાર

નશરવાનજી ફરામજી બીલીમોરીયા.

મુંબઇ:

વૈરાગ પ્રીન્ટીંગ પ્રેસ, મનોરદાસ સ્ટ્રીટ, કોટ,

૧૯૦૬.

બર ઉપયોગ કરી શકતા નથી, અને કેટલીક વખતે નાશકારક મંત્રોનો ઉપયોગ કરી તેઓ પોતાની તેમજ પારકાંઓની ખરાબી કરે છે.

એક બીજું સાધન તે વશીકરણ અથવા "હીપ્નોટીઝ્મ" છે. આ હીપ્નોટીક નીંદ્રાની બેહોશીમાં માણસો કાંઇક નવીન અનુભવ અને વાતો જાણી અથવા જોઇ શકે છે, પણ આ ટેવથી શરીર અને મન-શક્તિને મોટું નુકશાન પોંહોંચે છે. જો એક જીજ્ઞાસુને કોઇ યોગી એમ સલાહ આપે કે કોઇ એકાંત શાન્ત સ્થળે જઇ દર-રોજ અરધો કલાક મનને કોરૂ એટલે વગર વિચારનું બનાવવું, અને ચાલુ કોશેશથી તેમાં તે ફત્તેહ પણ મેળવે અને તે દુરના બનાવો જાણવા તેમજ જોવા પામે, પણ પાછળથી તેને જણાય છે કે તેની મનશક્તિ ગુમ થતી જાય છે. વળી તેથી યાદદાસ્ત શક્તિ યા સ્મરણ શક્તિ પણ મંદ થઇ ધીમે ધીમે નાશ પામે છે. એવો અનુભવ પણ ઘણાક ચેલાઓને થયલો જણાયો છે.

આ માર્ગમાં બીજાં પણ નુકસાનો અને ભય, સમાયલાં છે; પણ અહિં જ્યારે યોગની ઉપર કાંઇ મોટું પુસ્તક લખવાની ધારણા રાખી નથી, તેથી સાવચેતીના આટલા સખુનો સુજ્ઞ વાંચનારાંઓને બસ થશે એવી ઉમેદ છે.

આ નાનો વિષય લખવાનો મૂળ હેતુ માત્ર એટલોજ છે કે, જે કેટલાક જીજ્ઞાસુઓ, યોગ વિદ્યાનાં ખરાં જ્ઞાનની ગેરહાજરીમાં, કુહેવાતા મહાત્માઓ અને સાધુ–સંતોની શોધમાં ભટકતા ફરે છે, તેમને, તેમના એક નમ્ર ભાઇબંધ તરફથી, કાંઇક અનુભવી સલાહ મળે.

આ વિષય કેટલાક ભાઇબંધોની એલતેમાસ ઉપરથી લખવામાં આવ્યો છે, અને તે જાણીતાં માસીક ચોપાન્યાં વૈરાગના સને ૧૯૦૫–૧૯૦૬ ના અંકોમાં પેહેલાં પ્રગટ થયો હતો. સુચના કરનાર ભાઇબંધોની બીજી સુચના ઉપરથી તે અહિં એક સામટા સંગ્રહમાં પ્રગટ થાય છે.

નશરવાનજી ફરામજી બીલીમોરીયા.

અમદાવાદ, માર્ચ ૧૯૦૬.

મહાત્માઓની શોધમાં.

ગોયા આ જમાનો પેગામ્બરો અને મહાત્માઓનો ચાલતો હોય એમ



લાગે છે. ચોતરફ વેશધારી પેગામ્બરો અને મહાત્માઓ ફુટી નીકળવા લાગ્યા છે, અને આ સદીમાં તેઓ પોતાનાં નવાં શાસ્ત્રો ડપોડપ પ્રગટ કર્યા જાય છે, જાણે એ પણ કાંઇ વારતા કે નિશાળીયાના "એસે" હોય તેમ! મેડમ બ્લૅવાટસ્કીએ એક વાર ગુપ્ત વિદ્યાનો દરવાજો ખુલ્લો કરી આપ્યા પછી ઢોંગી મહાત્માઓ અને પેગામ્બરોનુ બજાર સસ્તુ થઇ પડયું છે. માત્ર હિંદુસ્થાનમાંજ નહીં, પણ પશ્ચિમ તરફની પ્રજાઓમાં પણ એવા નવા નવા પેગામ્બરો દીન ઉગત ફુટી નીકળતા માલમ પડે છે. આજે ખબર મળે છે કે, કોઇ ચોકસ મરદ કે ઓરતના શરીરમાં મેડમ બ્લૅવાટસ્કીનુ રૂહ અવતરી કામ કરે છે; તો આવતી કાલે વળી કોઇ એન્ટી–ક્રાઇસ્ટનો દાવો કરવા તૈયાર થાય છે. ઇમામ માહદી, કાલકી અને બેહેરામશાહ કયારે આવશે તે આપણ જાણતા નથી, પણ તે

આગમચ તેમનો દાવો કરનારા "સોસીયોશ" પણ આ પૃથ્વિના તકતા ઉપર આવી ચહડયા છે. જેમ બીજી બાબદોમાં તેમ આ બાબદમાં પણ અમેરીકા જેવો ખંડ પાછળ પડે એમ નથી. હિંદની અસલી વિદ્યાઓ જેમ જેમ અમેરીકામાં પગ પેસારો કરતી જાય છે, તેમ તેમ ત્યાંની પ્રજામાં ફળદ્રુપ મગ્જ હોવાને લીધે નવા આકારમાં પેગામ્બરો, જ્યોતીશીઓ, સામુદ્રિક વિદ્યા જાણનારાઓ, ફ્રેનોલોજીસ્ટો, વગેરેનું બજાર ઉભાઇ જાય છે; અને આ અમેરીકનો, જેઓમાં થોડાંક સોનાં સાથે કેટલુંક સીસુ ભેલાયલું હોય છે, તેઓ માત્ર અમેરીકાની પ્રજાનેજ નહીં પણ હિંદી પ્રજાને સુધાં પોતાની ઠગાઇમાં ફસાવવાને ફાવ્યા છે. ત્યાં કોરેશાનીટી, જોઇજમ, અસલ મેજાઇજમ, વગેરે તરેહવાર નામોનાં પરદા તળે ઘણાક ટોળાઓ ઉભા થયા છે, અને તેઓ સઘળા ગુપ્ત વિદ્યા અને તેની શાખાઓ શીખવવાનો દાવો કરે છે.

❀

એક જીવન-મુક્ત પુરૂષ મહાત્મા હોય છે; પણ આજે તો ગમે તેવો પુરૂષ મહાત્મા ગણાય છે,--માત્ર તેને આસમાન ઉપર ચહડાવવાને થોડાક વર્તમાન પત્રોમાં લખાણ કરનારા ચેલાઓની જરૂર છે. જેમ મહાત્માઓનુ વન ઉભાઇ જાય છે તેમ મહાત્માઓની શોધે નીકળેલા ચેલાઓની સંખ્યા કાંઇ ઓછી હોતી નથી. દેશ પ્રદેશ-થી તેમનાં વિચીત્ર વૃત્તાંતો મલતાં રહે છે. તેઓ વારેવાર કોઇ ઠગારા પુરૂષોની જાળમાં ફસી પડે છે એટલુંજ નહીં, પણ કેટલીક વાર દેવાનાશાળામાં જીંદગી ખતમ કરે છે, એવી ખબરો વટીક આપણને મલી છે. કોઇ વાર એથી પણ વધારે ખરાબ પરિણામ નીપજે છે.

મારે કબુલ કરવું જોઇયે કે હું પણ એક વાર આજ મુજબ મહાત્માઓની શોધમાં ભટકતો હતો, પણ સારાં ભાયેગે ખરો રસ્તો શો છે તેની ચાવી મલવાથી હું આ શીહા રસ્તાની બહાર નીકલવા-માં ફત્તેહમંદ થયો છું. આ વિષય લખવાનો મારો મૂળ હેતુ મારા બીજા ભાઇબંધો જેઓ મારી માફક મહાત્માઓની શોધ માટે આતુર

હોય તેઓ અજાણપણે કોઇ જાદુગરની- ચુંગાલમાં ફસી નહીં પડે, એટલા માટે તેમને **ચેતવણી**ના થોડા શબ્દો કહેવાનો છે. એમા મારે કોઇને અપમાન કરવાનો હેતુ નથી કે માઠું લગાડવાનો હેતુ નથી. અહીં હું મારો પોતાનો અનુભવ જણાવું છું, તેમજ મારા જેવા કેટલાક મિત્રો જેઓ મહાત્માઓની શોધમાં હતા તેમનો અનુભવ દર્શાવું છું. તેમના નામો હું અત્રે જણાવીશ નહીં, પણ જે હકીકત જણાવીશ તે અનુભવેલી હકીકત સમજવી.

મારા પોતાના તેમજ બીજા મિત્રોના અનુભવ ઉપરથી જે ચુકાદા ઉપર અવાય છે તે એજ કે, ખરા મહાત્માઓ બજારમાં કે શહેરોમાં મલતા નથી: ખરા મહાત્માઓની દૃષ્ટિ સર્વવ્યાપક હોવાથી તેઓ હંમેશાં આપણી નજદીકજ છે. માત્ર આપણામાં લાયકાત જોઇયે. જ્યાં સુધી લાયકાત આવતી નથી—જ્યાં સુધી તેમને જરૂર જણાતી નથી—ત્યાં સુધી તેઓ આપણી સમક્ષ હાજર હોવા છતાં અદૃષ્ય રહે છે. લાયકાત આવતાં, એટલે આપણા રવાનને ચોખુ થતાં, આપણી જાનફેશાની ખરેખરી જાહેર થતાં, તેઓ પ્રગટ થાય છે—કોઇ વાર આપણા ભિત્તરની અંદરથી દેખાવ આપે છે. જેઓ એમ સમજે છે કે આખો જન્મારો મહાત્માઓની શોધમાં બરબાદ કીધા છતાં મહાત્મા દેખાતા નથી તેથી તેમની હસ્તીજ નથી, તેઓને આત્મ વિદ્યાનુ પુરતુ જ્ઞાન નથી એમ સમજવું.

અહીં હું જે વર્ણન કરવાની રજા લઉં છું તે એવા પુરૂષો છે કે જેઓની ચાલચલણ અને જેઓનાં લક્ષણ ઉપરથીજ વાંચનારાં બાનુઓ અને ગ્રહસ્થો તેમનુ તોલ કરી લેશે.

❀

એક હઠ યોગી.

આ જમાનો મહાત્માઓનો હોવાથી બીજા કેટલાક લોકોની માફક હું પણ તેમની શોધમાં ફરતો હતો. તેવામાં એક દીવસે મને રસ્તામાં એ

ત્રણ મિત્રો મળ્યા, જેઓમાં - એક જુના વિચારના જી. જી. એમ. સી. અને બીજા એક વખણાયલી હાઇ સ્કુલના જાણીતા પારસી શિક્ષક હતા. બન્યુ એમ કે રવીવારનો દીવસ હોવાથી આ મિત્રો પણ મારીજ માફક કોઇ મહાત્માની શોધમાં નીકળેલા હતા. મિત્ર જી. જી. એમ. સી. જુદા પડયા; પણ અમો બાકીના મુંબઇના ભુલેશ્વર તરફ કેટલીક ગલી ગુંચીઓ વટાવી એક ઉંડી ગલીમાં આવી લાગ્યા, જ્યાં અમોને ખબર મળી કે, એક મોટા યોગી આવેલા છે. યોગ એટલે શું તે વિષેં મને તે વેળા કાંઇ ભાંન હોય એમ હું ધારતો નથી; પણ જેમ બીજાઓ દોડે છે તેમ હું પણ સાધુઓની શોધમાં દોડતો હતો. તોપણ નસીબ સંજોગે અમારામાંનાં એક જણ આ વિદ્યા વિષે સારૂ જ્ઞાન ધરાવતા હતા, તેથી તેમના વિશ્વાસ ઉપર અમો સઘલા દોરવાતા હતા. એક ગુજરાતી હિન્દુના ઘરમાં આવી પોંહોચતાં આ યોગેશ્વર મહારાજના અમોને દર્શણ કરાવવામાં આવ્યાં. આ એક હઠ યોગી હતા—શરીરે લાંબા પણ તનદરોસ્ત, ચંચલ સ્વભાવના, હસમુખા, પણ, એ વર્ગના નિયમ પ્રમાણે, "ગુરગુરીનાં ખાં"! તેમની હાજત બહુ થોડી હતી, જે તેમના ભાવીક સેવકો પુરી પાડતા હતા. તોપણ, કહે છે કે, તેમને વસ્તીમાં આવવાનો હેતુ તેઓના સંગના ખર્ચ માટે પૈસા મેળવવા હિન્દુ શેઠીયાઓ પાસ માગણી કરવાનો હતો. આ રકમો જમાવ કરવા તેઓ દર ત્રણ વર્ષે આવતા હતા. કેટલાક દીવસની દોસ્તી પડયા પછી મને ભલામણ થઇ કે મારે તેમની દિક્ષા લેવી. આ દિક્ષા જો કે ખાનગીમાં આપવામાં આવતી હતી, તોપણ તે વિષેનુ શિક્ષણ "હઠયોગ પ્રદિપીકા" જેવી કોઇ પણ પોથીમાંથી મળશે. આ શિક્ષણમાંના કેટલાક પ્રયોગો, સંસારી નજરે જોતાં, બહુ કમકમાટ ભરેલા લાગે છે, તે છતાં આ વર્ગના હઠ યોગીઓ અને તેમના ચેલાઓ તે ઘણા ઉમંગથી અને સેહેલાઇથી બજાવે છે. એમાં રાજ યોગ અથવા જ્ઞાન યોગના જેવી ઉંચી નીતિ ઉપર ભાર મુકવામાં આવતો નથી, તેમજ કર્મના કાનુનની કે બીજી કોઇ ફીલસુફી સમજાવવામાં આવતી નથી. આ વર્ગનો મૂદ્રાલેખ ઘણુ કરીને એ હોય છે કે, બીજી સઘળી ખટપટ છોડી દઇ આત્માને પીછાની લે. પણ દમ ઘુંટવાથી અને આંતરડાં સાફ કરવાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તી થતી હોય અથવા આત્મ શાક્ષાત્કાર થવાતું હોય તો આપણે આખી દુનિયાંને દુઃખના મહાસાગરમાંથી મુક્તિ આપવાને એકે તડાકે ભલામણ કરી દઇયે. "જ્ઞાન વિના મૂકિત નહીં" એ કાનુન ઉપર હઠ યોગમાં ઘણું વજન લાગુ પાડવામાં આવતું હોય એમ જણાતું નથી. અહીં ઘણુ કરી મન કરતાં શરીરને

ચોકસ પ્રકારની તાલીમ આપવા ઉપર અને શારીરીક દમ ઉપર વધારે વજન આપવામાં આવે છે. પ્રાણાયમ એટલે દમ ઘુંટવા ઉપર જેટલું ધ્યાન આપવામાં આવે છે એટલુ મનને જ્ઞાનથી કેળવવા ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. તેથી પરિણામ એ આવે છે કે, જ્ઞાન યોગ કરતાં હઠ યોગમાં બહુ જલદીથી ચમત્કારો, સ્વપ્ના, ઇત્યાદીનો અનુભવ મળે છે, અને તેથી આત્મ જ્ઞાનની ગેરહાજરીમાં ચેલાઓ અંજાઈ જાય છે. હઠ યોગનો અધિકારી સિધ્ધીઓ મેળવી શકે છે ખરો; પણ પુરતી રીતે આત્મ જ્ઞાનનો અધિકારી ન હોવાથી તેનાથી ઉંચા તબક્કા ઉપર જઇ શકાતું નથી—તેને ખરેખર મીનોઇ જ્ઞાન પ્રાપ્ત થતું નથી—તે જન્મ-મરણથી છુટી શકતો નથી. બ્રહ્મ જ્ઞાનનો અથવા મીનોઇ જ્ઞાનનો અનુમાનરૂપ અભ્યાસ કરવાની પણ તેઓમાના ઘણાંકો ઘસડીને ના પાડે છે; જેમ રોમન કેથલીક પ્રજાને **બાઇબલ** સુધાં વાંચવાની બંધી હોય છે તેમ કેટલાક હઠ યોગીઓ તો પોતાના ચેલાઓને આત્મ જ્ઞાનને લગતાં બીજાં પુસ્તકો વાંચવાની સુધાં બંધી કરે છે!

પણ આપણા યોગી રાજ તરફ આવતાં: થોડા દીવસનુ શિક્ષણ લીધા પછી માલમ પડયું કે પારસી સંસારમાં આપણુને આ જાતનો યોગ અનુકુળ આવે એમ નથી. વળી આપણને સલાહ મળી કે, આપણો જીવ ખનીજ પદાર્થમાંથી વનસ્પતિ પદાર્થમાં, અને તેમાંથી જાનવરી હસ્તીમાં, અને તેમાંથી માનવીની હસ્તીમાં આવ્યો, તે સઘળી ક્રિયાઓ કાંઇ "પ્રાણાયમ" અને "આસનો"થી થઇ નથી. વળી "નેતી-ધોતી" અને "કુંભક-રેચક"*પણ પારસી સંસારમાં ઠીક પડે નહીં. તેથી ગુરૂ-મહારાજ પાસ ક્ષમા માંગી આપણ જુદા પડયા. પણ આ યોગી તરફ ઇન્સાફની રાહે મારે જણાવવું જોઇએ કે તેઓની વર્તનુક સ્તુતિપાત્ર હતી. તેઓ કોઇ પણ જાતની ઠગાઇથી મૂકત હતા, અને કોઈ કોઇ વાર લગભગ એક અઠવાડીયું સુધી સમાધીમાં રહેતા હતા.

એક રાજ યોગી.

આ પછી કેટલાંક વર્ષો ગયા કેડે એવી ખબર મળી કે મધરાજ તરફથી એક મોટા રાજ યોગી આવે છે. તેમની મદારત અને આગતા

---

*હઠ યોગની આ સઘલી તરતીબો, જેઓમાંની કેટલીક બહુજ કમકમાટ ઉપજાવનારી હોય છે, તેની સમજ કોઇ હઠ યોગને લગતી પોથીમાંથી મલશે; પણ તે ચહાવા લાયક નથી.

સ્વાગતા કરવા માટે અમોએ આગમચથી તૈયારીઓ કીધી. તેમના ખર્ચ માટે એક ફંડ તૈયાર કીધું. જો કે તેમની જરૂરીયાતો ઘણી થોડી કહેવાય છે, તોપણ આ જમાનામાં જ્યારે તેઓ સંસારી લોકો સાથ ભેળાય છે ત્યારે કેટલેક દરજ્જે આવા પુરૂષો પણ રાજેશ્રી ખર્ચ રાખતા માલમ પડે છે. આ રાજ યોગી આવી લાગ્યા અને તેમની આસપાસ સેંકડો જુવાનો અને બુઢાંઓ, પારસીઓ અને હિન્દુઓ, જમાવ થવા લાગ્યા. એક વાર મુંબઇ ગાજી રહ્યું. ફરામજી કાવસજી ઈન્સ્ટીટયુટમા ભાષણોની રેલ ચાલી; પણ મારાં ભાગેગે આ યોગીની સમજાવટ કાંઇ જુદાજ પ્રકારની હતી. તેમની ફીલસુફી પણ તેમની પોતાની હતી. તેથી તેમના ઘણાજ થોડા સંબંધમાં આવેલા એક બે પુરૂષો સિવાય તે ફીલસુફી સઘળાઓને "ગ્રીક" જેવી લાગતી હતી. એટલું છત્તાં ભાષણ ન હોય તે વેળા દર સાંજે તેમની આસપાસ સંખ્યાબંધ ચેલાઓ અને નોન–ચેલાઓ દબાઇ–ચંપાઇને બેસવા હાજર થતા હતા.

પેહેલાં તો બહારગામ કેટલાંક લોકોને ખુદાના દર્શન કરાવેલાં તેની કથા તેઓ પોતેજ કહેતા હતા. તેમની રીત બ્રહ્મરંધ્ર*ની મારફતે ખુદાને મલવાની હતી. ઘણાકો તેમના ચેલા થયા; અને આપણને પણ દિક્ષા મલી. આપણા નામની સામે તો યોગીરાજે પોતેજ Disciple [ચેલો] કરી લખી દીધું! આ તો એક સર્ટીફીકેટ થઇ. પણ આપણી મરજી ન હોવાથી આપણે દુરજ રહેવા માંડયું, કારણકે તેમના શિક્ષણમાં આપણું કાંઇ ધ્યાન પોંહેચ્યું નહીં. કોઇ વાર તેમના કોઇ ચેલાનો મેલાપ થતાં તેમનાં દર્શને જવું પડતું; પણ જ્યારે આ મહાત્માએ અંતર્દૃષ્ટિનો ઉપયોગ કરવાને બદલે, હિમાળયના મહાત્માઓને દક્ષીણમાં જતા જોવાને, મોટી કિંમતનાં એક દુરબીનની માંગણી કીધી, ત્યારે મારી વિવેક બુદ્ધિએ વળ ખાઈ દોર મરડી દીધી, અને આ મહાત્મા તરફની સઘળી ભક્તિ હવામાં ઉડી ગઇ. હશે; કદાચ હું અજ્ઞાન ભૂલતો હોઊં. પણ છેવટ એ આવ્યું કે, એક દીવસે આ "મહાત્મા બ્રહ્મ ગુરૂ" યોગેશ્વર મહારાજ કકડતા ઉનાળામાં મુંબઇના મેદાનમાં એક ઝાડની છાયા તળે આખો દીવસ તાપ ખાતા બેઠેલા જણાયા! કહે છે કે તેમના કેટલાક ચેલાઓને તેમની કાંઇક કસુર નજર આવ્યાથી તેઓએ તેમને પોલીસની ધમકી આપી હાંકી કહાડયા;

---

*બ્રહ્મરંધ્ર એ મગજમાં એક દ્વાર છે, જેમાંથી ખરા યોગીઓ પોતાનાં સ્વાનને બહાર કહાડી "ખલ્લેબદન" થાય છે.

અને કોઈક તરાહીત પુરૂષને દયા આવ્યાથી તેઓને રેલવે ટીકીટ કરાવી આપી પાછા દક્ષીણમાં મોકલાવી દીધા!

આ યોગેશ્વરે પોતાની ફીલસુફીનાં બે મોટાં પુસ્તકો અંગ્રેજીમાં રચ્યાં છે, જેમાં આત્મ જ્ઞાનને લગતી ઘણીક બાબતો સમાવવામાં આવી છે; પણ મને કેટલાક હિન્દુ મિત્રો તરફથી જણાવવામાં આવ્યું કે દક્ષિણમાં સંસ્કૃત્ત તેમજ ટેમીલ ભાષામાં એવાં દ્રાવીડીયન સાહીત્યનો ભંડાર પડેલો છે.

❀

આટલા અનુભવ પછી મેં મહાત્માઓની શોધ કરવાનુ કામ પડતું મેલ્યું, કારણ કે આટલા વખત દરમ્યાનમાં થીયોસોફીકલ સોસાયટીમાંથી બહાર પડતાં લખાણોથી મને માલમ પડયું કે, ખરો માર્ગ એ નથી. થીયોસોફીકલ સાહીત્ય મારફતે મને એમ જણાયું કે, મહાત્માગુરૂની મેહેરબાની મેળવવાનો ખરો માર્ગ **જનસેવા** છે, જે ખુદાની સેવા બરોબર છે. આ પેહેલું પગથીયું છે. તેથી જુદાઇ તુટે છે, અને આદમ જાતના દુઃખમાં હમશરીક થવાથી—તે દુઃખને આપણું પોતાનું ગણવાથી—તે દુર કરવાને કોશેશો કરવાથી, આપણી અને મહાત્માઓની વચેનો સંબંધ મજબુત થતો જાય છે. આપણી કોશેશો અવશ્ય કરીને મહાન હોવી જોઇયે એમ નથી. આપણી અલ્પ મતી પ્રમાણે આપણી કોશેશો હોવી જોઇયે. એવી કોશેશો, જેઓ મહાન ઉંચાઇથી સર્વે કાંઇ જુએ છે, તેમની નજરે એક સરખીજ રીતે મોટી છે—માત્ર તે કોશેશો સ્વચ્છ હોવી જોઇયે. કાંઇની પણ આશા વગર તે કોશેશો બજાવવી જોઇયે અને ફત્તેહ કે નિષ્ફળતાનો તેમાં કાંઇપણ ઝુકાવ રહેવો ન જોઇયે. દુઃખ ઓછુ કરવા સાથ દુઃખનુ કારણ અટકાવવું જોઇયે, અને કારણ બીનોઇ જ્ઞાનની રોશનીથીજ જડે છે. જનસેવા એ એક પગથીયું છે, એ એક ઉત્તમ વિદ્યા છે, કે જે આપણને મહાત્માઓ અને અશો નરોના ચહેરાઓના દર્શન પામવાને શક્તિવાન્ કરે છે.

❀

રાજદ્વારી શોધકો.

જ્યારથી મેડમ બ્લેવાટસ્કીએ એવું જાહેર કીધું કે તેઓએ પોતાનુ ઉંડુ જ્ઞાન તીબેટ તરફ વાસો કરી રહેલા ચોકસ મહાત્માઓ તરફથી મેળવ્યું છે, ત્યારથી ઘણાક ગ્રહસ્થો—મુસાફરો, વિદ્વાનો, રાજદ્વારી પુરૂષો, પંડીતો, વગેરે—આ અથવા એવાજ કોઇ મહાત્માઓની શોધમાં મુસાફરીની બીકટ મુસીબતો વેઠી નાહેકની મેહેનત બરબાદ કરી આવ્યા છે. એવા શોધકોને કરનલ ઓલકટે વારેવાર ચેતવણી આપી હતી કે એવી કોશેશો ફોકટની છે.*

સને ૧૮૯૪ના ડીસેમ્બરમાં આ સીપાહ-વિદ્વાને જણાવ્યું હતું કે—

"મીનોઇ જ્ઞાનના ઘણાક ઉમેદવારોએ પોતાની નજદીકમાંજ ગુરૂને મલવાથી નીરાસ થઇ તેવા કોઇની શોધમાં હિમાલય સુધીની ભયંકર પગરસ્તેની મુસાફરી માથે લીધી છે; અને આશામા ને આશામાં શરીરનાં અત્યંત દુઃખો વેઠયાં છે. કોઇવાર તેઓની નેમમાં તેઓ ફાવ્યા છે, અને કોઇવાર તેઓ મુસાફરીની મુશકેલીઓનો ભોગ થઇ પડયા છે. જો માત્ર તેઓએ પોતાનાં શાસ્ત્રો જાણ્યાં હોત તો તેઓએ પોતાનાં મન અને અંતઃકરણ એવાં ચોખ્ખાં કરીને આ સઘલો ખટપટનો એવો બંચાવ કીધો હોત કે તે ગુરૂને તેમના ઘરના ઉંબર આગળ ખેંચી લાવ્યા હોત; કારણકે એવા એક મહાત્માને માટે વખત અને વેગલાઇ કાંઇ અટકાવ નથી; અને તેનુ શરીર ગમે તીબેટમાં તેની સમાધીમાં હોય, ગમે ઍન્ડીસ પર્વત ઉપર હોય, કે ગમે ઉત્તર ધ્રૂવ તરફ હોય, તોપણ તેને સેહેલાઇથી માલમ પડે છે કે તેનો ચેલો કયાં ખોટી છે, અને પોતે તે ચેલાને તુરતજ એવી રીતે લાગે, શંભલાય અને દેખાય કે જાણે ગોયા તે બે વચ્ચે એક લખવાની ટેબલનોજ અંતર હોય."

છેલ્લાં જુલાઇ ૧૯૦૫ ના **થીયોસોફીસ્ટ**માં પણ તેઓ નીચે મુજબ ચેતવણી આપે છે:—

Since Tibet has been invaded, writes H. S. O. in the old Diary Leaves in *The Theosophist* of July last, and Lhassa more or less ransacked without the finding of a single Mahatma, caged or loose, the Western press and

---

* જુઓ "The Mahatma Quest," *The Theosophist*, vol. xvi, pp. 173 and 305--Dec. 1894 and Feb. 1895.

some of their Indian copyists have been making sport of the poor Theosophists for their gullibility and implying that their leaders had been guilty of deception in affirming that the headquarters of the Elder Brothers was in Tibet; we have had the same nonsense before in the books of Knight and other travellers (*vide* "The Mahatma Quest," *The Theosophist*, vol. XVI, pp. 173 and 305). Of course it was sheer nonsense for these marauders and travellers to imagine for one moment that Mahatmas were kept on show, like the beasts at the Zoo, for the inspection of the public: nor was there one chance in ten thousand that if they had met a Mahatma they would have been able to recognise him. It might be as well for our sceptical critics to take the first Bible that comes in their way and read and ponder upon what is said in St. Luke XXIV, 16 and 31; this "holding" and "opening" of eyes is practised now as successfully as it was in ancient times, even at Salpétrière and Nancy. The fact is—as I was told many years ago—the headquarters of the White Lodge is shifted from place to place according to the exigencies of occult management; it used to be in Arabia Petræa; but two years before the British came to possess themselves of Egypt, it was removed to Tibet, not to Lhassa, but to another place. When H.P.B. and I were preparing to come to India, arrangements were in progress for the removal of the White Lodge from Tibet to another retreat where there was the minimum of chance of their being disturbed by any of these movings of pawns across the political chequer-board.

એક અમેરીકન રાજદ્વારીની મોંઘી ફત્તેહ.

કરનલ ઑલકટ કહે છે કે એવી રીતની શોધમાં કોઇ ફત્તેહ પામે છે ખરા, તે મુજબ અમેરીકાની કોન્સુલેટ્સની તપાસ માટે આવેલા રેમ. સન વ્હાઇટહાઉસ નામના એક જુવાન પ્રતિનિધિ હિમાલયની મુસાફરીમાં એક વાર એક ખરા મહાત્માનો મેલાપ કરવાને ફત્તેહ પામ્યા હતા, પણ તે પોતાના એક જોડીદારના જાનને ભોગે. મી૦ વ્હાઇટહાઉસને મુંબઇની થીઓસોફીકલ સોસાયટીમાં દાખલ કરવામાં આવ્યા હતા, અને ત્યાર પછી

સેઓ નામદાર વાઇસરોયની મુલાકાતે સીમલા તરફ ગયા હતા. ત્યાંથી તેઓએ હિમાલયની મુલાકાત લીધી હતી. તેમનો હેવાલ બહુ દીલપજીર છે, અને તે તેમના પોતાનાજ શબ્દોમાં જેટલો અંતઃકરણમાં દિલસોજીની લાગણી ઉશ્કેરે છે તેટલો તેના ગુજરાતી તરજુમામાં ઉશ્કેરશે નહીં. તેમના લંબાણ વર્ણનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે:—

હિમાલય પર્વત ઉપર ૧૮૦૦૦ ફીટની ઉંચાઇએ જઇ પોંહોચ્યા પછી મી૦ વ્હાઇટહાઉસ પોતાના રીમાયે નામના જોડીદાર સાથ પાછા નીચે ઉતરવાની તૈયારી કરે છે તેટલામાં રસ્તામાં એક ગુફા આગળ (તેમના મનથી) તેમને એક ગુજર પામેલાં માણસનું શરીર નજર પડે છે. તેઓ તેને દફનાવવાની તૈયારી કરે છેઃ રીમાયેને પેલાં શરીરની ચોકી કરવા બેસાડી વ્હાઇટહાઉસ પોતે મદદ લેવા નીચે દોડે છે, પણ પાછો ફરતાં રસ્તામાં રીમાયેને પાછો આવતો જુએ છે. વ્હાઇટહાઉસ રીમાયેને પેલી લાસ માટે સવાલ કરે છે, જે પાધરો જવાબ આપવાને બદલે ઉપલા બનાવ વિષે તદન અંજાણપણુ બતાવે છે! તે જગ્યા આગળ જઇ તપાસ કરતાં મહાત્મા ગેબ થયલા જણાય છે. બીજે દીવસ કેટલીક તૈયારીઓ કીધા પછી તેઓ પાછા પોતાની શોધ ચલાવે છે, જેમ કરતાં બરફનો એક મોટો ગોળો ધસી પડે છે, અને તેઓ બંન્ને એક ઉંડી ખીનમાં જઇ પડે છે; રીમાયે મરણ પામે છે, અને વ્હાઇટહાઉસનો એક હાથ ભાગી જવાથી બેશુદ્ધ થઇ જાય છે. જ્યારે તે સુધીમાં આવે છે ત્યાર પછી શું થાય છે તે તેનાજ શબ્દોમાં અત્રે જણાવીશું:—

There was a dull, dazed feeling in my head when I opened my eyes; blood trickled from my face and hands. When after a little I raised myself to a sitting posture, I found my left arm hung limply at my side and that I was powerless to move it. Close beside me lay the torn and lifeless body of Rimaye, to which I was still attached by the rope.

How long I had lain unconscious I can never tell, for my watch was broken in the fall. On examination I found we had fallen on a little lodge of soft snow, but the thick mist which surrounded me prevented any guess as to what the height of our fall had been. Above and below the narrow shelf on which I lay were sheer precipices, their gloomy cliffs gradually fading till lost in the driving mist, and it needed but a glance to convince me that

escape, even were I not alone and hampered with a broken arm, was impossible.

Both my own knapsack and that of my poor companion had become unfastened in the fall, and had either remained caught in the rocks above or had bounded to the depths below. A miserable death by starvation stared me in the face, even could I survive the exposure of that fearful height, and as I realised this fact and glanced at the pallid, blood-stained face of my dead friend, I envied him the merciful blow which must have ended his life almost without suffering, if I could judge from my own sensations during that period of our fall while I remained conscious.

In the overwhelming anguish of despair, I bowed my head upon my knees and sobbed aloud.

The sense of my utter loneliness was so absolutely crushing that it seemed to deaden my faculties ; I was incapable of analysing my thoughts, but the one intense longing for the companionship of a human being overpowered all else.

I had been in this position some time when, impelled by the force of this longing, I turned my head towards the body of poor Rimaye. Kneeling over it I beheld the form of an old man.

Yes ; surely there was no mistaking that noble face, which had remained deeply engraven on my memory, and of which even an instant since I had been confusedly thinking. It was the same I had seen two days ago lying lifeless on the hill-side !

The owner of it raised it slowly till his glance met mine. Oh ! the glory of those eyes—the unutterable kindness, sad withal ! They held me enthralled.

"Your friend is dead," he said gently, speaking in Bengali. "His neck is broken, and both legs. It was a terrible fall."

I was too astounded to find a word in reply, and could merely gaze at him in blank astonishment.

At last the words half-formed themselves upon my lips, and I muttered hoarsely:

"How came you here?"

"By the concentration of will-power," he answered, smiling kindly. "You thought to perform an act of charity lately when you found what you supposed to be my dead body, and wished to preserve it from the desecrating clutches of the beasts and birds. My knowledge warned me that you were now in great danger, and I have come to help you."

"Then you are . . . . !"

"What the world calls a Yogi," he interrupted. "My soul was only absent from the body you would have buried: when I returned to it and found your companion guarding it, I was forced to have recourse to magnetic influence, as you would call it, in order to be relieved of his presence. Accordingly by the concentration of a certain will-flued upon his mind, I caused all memory of what had occurred, from the time of his leaving the mountain till he again met you, to be completely obliterated.

"It seems a supernatural feat to you," he continued, after a pause, during which I gazed in speechless amazement, "yet the latent psychic forces exist in your being as well as in mine, only the material existence you have led, and the lack of esoteric knowledge, have caused them to remain undeveloped. But come, you are hurt, and it is dangerous for you to remain here."

While speaking he had torn a strip from his white raiment and had fashioned a sling for my broken arm.

"How can I go?" I exclaimed impatiently, for I felt I was holding converse with a figment of my fevered brain.

"That power of which I spoke must come to our aid," he gently replied.

So saying he again rivetted his wonderful eyes upon me, and I felt a soothing, dreamy sensation gradually creeping over me. I tried to speak but could only smile,

and half form sentences in my over-mastered brain. Then . . . . !

. . . .

. . . .

When I again opened my eyes I found myself lying at the road side near the bamboo suspension bridge over the Rungeet river. Above me, in the scudding mist, gleamed the bungalows and green lawns of Dargeeling.

My servant was re-arranging the sling of white linen about my arm.

He assisted me to rise and enter the litter that some coolies were bearing.

As I did so something fell from my pocket; he stooped and gave it to me. It was the palm-leaf fragment of Sanskrit that I had picked up beside the Mahatma's lifeless body.

REMSEN WHITEHOUSE, F.T.S.

—*Lucifer*, Sept. 1889.

આનો ટુંક સાર એ છે કે જ્યારે મી૦ વ્હાઇટહાઉસને ભાન આવે છે ત્યારે તે પોતાની પાસે રીમાયેનુ મુરદુ જુએ છે. જે જગ્યાએ આદમ જાતનો પગદંડો નહી એવી એકાંત જગ્યામાં તે નીરાસીથી જીવવાની આશા છોડે છે. તેવી હાલતમાં બીચારા રીમાયેનાં શબ તરફ તે નજર કરે છે, જેની આગલ તેણે એક બુજોર્ગ મર્દને ગુઠણમડીયે પડેલો જોયો! બેશક આ તેજ પીરમર્દ હતો કે જેને મરણ પામેલો સમજી તેઓએ તેને દાટવાની તૈયારી કીધી હતી. તેની ચશ્મોનો ચળકાટ! અરે ખુદા! અપાર દયાથી ભરેલી! તેની દયાલુ નજરે તેને જોયા આરામ મલી ગયો! તેઓ બેઉ મેગનેટીજમ, સંકલ્પ શક્તિ, વગેરેની બાબદોની વાતમાં મશગુલ થાય છે. મહાત્મા પોતાના સફેદ પેહેરણમાંથી એક ચીપ ફાડી કહાડી તેની જોલી બનાવી વ્હાઇટહાઉસના ભાંગેલા હાથને તેમાં મુકે છે; અને પાછો આતુરતાથી પુછે છે કે—"હવે હું કેમ જઈશ?" મહાત્માએ નમ્રતાથી જવાબ દીધો કે "જે શક્તિ વિષે મેં હમણા વાત કરી તે તારી મદદે આવશે.'

આમ કહી તેણે વળી પોતાની દયાથી ભરપુર ચશ્મો વ્હાઇટહાઉસ તરફ ફેંકી; વ્હાઇટહાઉસે કાંઇ બોલવાની કોશેશ કીધી પણ . . .

જ્યારે તેણે પોતાની આંખો ઉઘાડી ત્યારે તેને માલમ પડયું કે તે તો રણજીત નદીના પુલ આગલ પડેલો છે, જેને મથાળે ડારજીલીંગના બંગલાઓ અને લીલોતરી ભરેલાં ખેતરો દેખાતાં હતાં. તેનો ખીદમતગાર પેલી સફેદ ઝોલીમાં તેનો ભાગેલો હાથ ગોઠવતો હતો; અને કેટલાક કુલીઓ જે ત્યાં એક ડોલી લઇ ઉભેલા હતા તેમાં તેને બેસાડયો. જેવો તે બેસવા જતો હતો તેવામાં તેના ગજવામાંથી કાંઇ પડી ગયું. તે એક તાડપત્ર હતુ, જેની ઉપર સંસ્કૃત્ત શ્લોક લખેલો હતો, જે તે મહાત્મા જ્યારે સમાધીમાં હતા ત્યારે તેની પાસે પડેલું હતું, જે તેણે ઉંચકી લીધું હતું.

કોઇ આને કદાચ એક સ્વપ્નુ કહેશે; પણ અહીં આ તાડપત્ર એક એવી ગોવાહી છે કે જે ઉપલા બનાવને એક સ્વપ્નુ ગણતાં અટકાવે છે.

❀

એક બાબુ શોધક.

ઘણુકરી હિન્દુસ્થાનનાં સઘળાં ગામોમાં અને ગામોની બહાર સાધુઓ થોડાક દીવસ પોતાનો ધાંમો નાખે છે, તેમ ગુજરાતના એક શહેરની પાદરે એક સાધુ આવી પડયો હતો. સાધુઓ ઘણુ કરી બ્રીજ ભાષા કે હિંદી ભાષા બોલે છે, પણ આ સાધુને ઇંગ્રેજીમાં વાત કરતો જોઇ, એક નવાઇ તરીકે, લોકો તેને વધારે સંખ્યામાં જોવા મળતું. આ શહેરમાં ઇંગ્રેજી સ્કુલ પહેલ વેહેલી થોડાંજ વર્ષના નીકળેલી હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ તેની સાથ ઇંગ્રેજીમાં વાત કરવાની હોંશથી એકઠા થતા હતા. ધીમે-ધીમે વાત કસબાના હિન્દુ દેશાઇ (તે ગામના મુખી) સુધી પોંહોચી, જેણે સાધુજીને આમંત્રણ મોકલ્યું. સાધુજીએ જણાવ્યું કે દેશાઇ કે દાનવ, તેઓ કોઇની દરકાર કરતા નથી; દેશાઇજીને જોઇયે તો તેમને મલવા આવે. આખરે નવાઇ જાણી દેશાઇ સાધુને દર્શને ગયા, અને કેટલીક વાતચીત કરી સાધુને પોતાના મુકામમાં આશ્રો આપવાની માંગણી કીધી. સાધુએ જણાવ્યું કે, એક શરતે આવું, તે એ કે, કોઇએ અંગત સવાલ પુછવો

નહીં. આ પ્રમાણે ગોઠવણ કરી સાધુજી દેશાઇને ઘર રહેવા ગયા. ઘણાક દીવસ પછી સંબંધ ઘાડો થતાં એક વાર સાધુએ પોતાની હકીકત કહી. તેનો સાર એ હતો કે, તે એક કુળવાન બાબુ હતા, અને મેડમ બ્લૅવાટસ્કીનાં પહેલ વહેલાં લખાણો વાંચ્યા પછી તે મહાત્માઓની શોધ કરવા હિમાલય પર ગયા હતા, અને કેટલાંક સંકટો વેઠયા પછી એક મહાત્માની મુલાકાત લેવામાં ફત્તેહમંદ થયા હતા; પણ તે મહાત્માનો બોધ એ હતો કે, તૈયાર થયા સીવાય મહાત્માઓના આશ્રમમાં રહેવાતું નથી, તેથી દેશમાં ફરો; લોકોમાં આત્મજ્ઞાનનો ફેલાવો કરો; જનસેવા કરો; અને જ્યારે વખત આવશે ત્યારે બોલાવવામાં આવશે. "આ માટે," બાબુ સાધુએ જણાવ્યું, "હું દેશમાં આત્મ જ્ઞાનનો ફેલાવો કરવા ફરૂંછું."

❁

મદ્રાસથી રાવલપીંડી—ફ્રોકટનો ફેરો.

હિંદના ત્રણ ઇલાકાઓને માટે એવું કહેવાય છે કે, બંગાળ રાજદ્વારી, મુંબઇ મોજીલું, અને મદ્રાસ વિદ્વાન છે. અને ખરેખર તેમજ છે. બંગાલીઓ સાથે મલશે તો તેઓ એવા તકરારમાં ઉતરશે કે ઘડીભર ખાવાનુ પણ ભુલી જાય; મુંબઇગરાઓ કેટલા મોજીલા છે તે આપણ જાણીયે છીયે; અને મદ્રાસનો એક સાધારણ માણસ પણ એક ફીલસુફના જેટલી સાદાઇ ધરાવે છે. મી૦ આયર એક જુવાન મધરાજી પંડીત હતા. મુબઇમાં તો તેઓ એક કુલી તરીકેજ પાસ થાય એવા દેખાતા હતા. સ્વભાવ શાંત, પણ ધર્માભીમાન વિશેષ હતું. વેદ અને ઉપનીષદોની ગુપ્ત બાજુ સાથ પશ્ચિમ તરફની ફીલસુફી પણ મોહો ઉપર રમી રહી હતી. "ઍટમ" (અણુ) અને "ઇથર"ની તેઓ છેલ્લામાં છેલ્લી સમજ ધરાવતા હતા. તેમને થીઓસોફીનુ જ્ઞાન પણ તેવુંજ ઉંડુ હતું. તેઓ થોડો વખત મુંબઇમાં રહ્યા હતા, ત્યારે એક ઇંગ્રેજ બાનુએ તેમને એક દીવસે કાંઇ કામસર મુંબઇ બેંકના મેનેજર પાસ મોકલ્યા. મેનેજર પોતાનાં મોહોરદાર સાથ નાસ્તો લેવા બેઠા હતા, તેવામાં મી૦ આયર દાખલ થયા. પહેલાં તો તેને કુલી સમજી બહાર જવા કહ્યું, પણ મી૦ આયરે ઇંગ્રેજીમાં જણાવ્યું કે તેઓ મીસ———તરફથી કામે આવેલા છે ત્યારે તેમને સુભાષીત ઇંગ્રેજી બોલતા જોઇ દાખલ થવા કઇ પુછ્યું કે, "શું તમો આવું સારૂં ઇંગ્રેજી બોલી જાણોછો?"

"યસ, સર," મી૦ આયરે જવાબ દીધો.

"ત્યારે શું તમો પણ થીઓસોફીસ્ટ છો કે?"

"હા, સાહેબ."

"એ થીઓસોફી શું છે?"

અને પછી મી૦ આયરને કાંઇ પુછવું પડે? તેમના હૃદયમાં તો ચીન્ગારી પડી અને આતશ સલગ્યો. મી૦ આયરે ત્યાંજ થીયોસોફી સમજાવવા પોતાની વાકચાતુર્ય શરૂ કીધી. મેનેજર સાહેબ ગભરાઇ ગયા, અને જણાવ્યું કે, "માફ કરો, સાહેબ, હું હમણા નાસ્તો લઉં છું—આપણ કોઇ વાર ફુરસદે વાત કરીશું."

આ મી૦ આયર જ્યારે મદ્રાસમાં હતા ત્યારે તેમના ધ્યાનમાં એવું આવ્યું કે કોઇ પણ રીતે હિમાલય ઉપર જઇ મહાત્માઓને મલી તેમનાં દર્શન કરવાં. પાસે પૈસાની જોગવાઇ નહીં; પણ ઇંગ્રેજી કહેવત મુજબ, "જ્યાં મરજી થઇ ત્યાં રસ્તો મોકલો." એટલે મી૦ આયર થીયોસોફીકલ સોસાયટીનાં જુદાં જુદાં શેહેરોની શખાઓની યાત્રા કરતા કરતા આગળ વધ્યા. ઉપર કહ્યું તેમ મદ્રાસી પંડીતોની અતિયંત સાદાઇને લીધે મી૦ આયરની હાજત બહુ થોડી હતી. તેમને ઇંગ્રેજ અને પારસી મુસાફરો મીસાલે કાંઇ ટ્રંકો અને બીછાનાં કે ટીફીન બાસ્કેટ અને જાત જાતનાં પ્રવાહીઓ કે મરઘી મટનનાં ભાતીયાં લેવાના નહીં હતાં. તેથી ઇંગ્રેજ અથવા પારસી મુસાફર કરતાં—બલકે કહો કે બીજા હિંન્દુ મુસાફરો કરતાં—બહુ સેહેલાઇથી તેઓ રાવલપીંડી સુધી જઇ પોંહોચ્યા. પણ પછી——? સર્વે ચીજોની હદ્દ હોય છે; તેમ તેમની ધીરજ ખુટી. કારણ કે હિમાલયના મહાત્માઓના દર્શન કરવાને જે મુશીબતો નડે છે તેતો હજી પછી શરૂ થવાની હતી, અને તે મુશકેલીઓ આગળ આ રેલવેની અને બીજી મુસાફરીની મુશકેલીઓ તો સુખજ કહેવાય તે આપણે મી૦ વ્હાઇટહાઉસના હેવાલમાં જોયું છે. મી૦ આયરને ચોતરફથી નાસીપાસીના સમાચાર મલવા લાગ્યા, તેથી થોડોક વખત ભટકીને તે બીચારાને પોતાનાં પગલાં પાછાં ફેરવવાં પડયાં, અને મહાત્મા પુરૂષોનાં સમાગમમાં આવવાને થીયોસોફીકલ સોસાયટીની સેવા કરવી એજ માર્ગ તેમને વાજબી લાગ્યો, તેથી તેઓ થોડો વખત મુંબઇની બ્રાન્ચમાં રહ્યા અને પછી આ મંડળીનાં એક અધિકારી તરીકે જુદે જુદે ઠેકાણે પોતાની સેવા બજાવવા લાગ્યા.

હિન્દુસ્થાનનાં ભટકતા "મહાત્માઓ."

આ બીના તો સર્વેને જાણીતી છે કે, હિન્દુ પ્રજામાં ઘણી વાર કોઇ પુરૂષને ઘરમાં લગાર કંકાસ કે વઢવાડ થાય છે કે લાગલો તે માણુસ રીસાઇને સંસાર છોડી જાય છે. પણ સંસારનો એવો વૈરાગ્ય લેવાથી બ્રહ્મજ્ઞાન (મીનોઇ જ્ઞાન) પ્રાપ્ત થતું નથી કે મુક્તિ મળી જતી નથી; કારણ કે એવો વૈરાગ્ય માત્ર ઢોંગી છે—તે મનનો કે અંતઃકરણનો વૈરાગ્ય હોતો નથી, અને તે માણુસ ખરેખરા વૈરાગ્ય માટે તૈયાર હોતો નથી. તોપણ હિન્દુ પ્રજા ભગવાં વસ્ત્ર માટે મોટુ માન ધરાવતી હોવાથી, જે કોઇ એવી રીતે સંસાર છોડી ભગવું વસ્ત્ર ઓળવી લે છે, તે હિન્દુ પ્રજા તરફથી સેહેલે માન કમાય છે—પછી તે કાંઇ શિખેલો હોય કે ન હોય તેની કાંઇ ચિંતા નહીં. આવા સાધુ-મહાત્માઓ હિન્દુસ્થાનમાં ઉભાઇ જાય છે, અને તે હિન્દી પ્રજાને માટે એક બોજા સમાન છે. કારણ કે આ લખો માણુસો દેશમાં રહી ઉદ્યોગ કરે તો હિન્દુસ્થાનને બમણો ફાયદો થાય: પ્રજાનો બોજો ઓછો થાય, અને ઉદ્યોગ વધવાથી દેશની આબાદાની થાય.

યાદ રાખવું કે ખરેખરા બ્રહ્મજ્ઞાનીઓ, જેઓની સંખ્યા દેશમાં ઘણીજ થોડી છે, અને જેઓ ઘણું કરી જાહેરમાં જણાતા પણ નથી, તેમને માટે આ ટીકા કરવામાં આવી નથી.

ઉપલા ઠગારા "મહાત્માઓ"માંનાં કેટલાક થોડી ઘણી પોથીઓ મોહોડે કરે છે, અને કેટલાકો થોડો હઠ યોગ કરે છે; કેટલાક દરૂજી હસ્તીનાં સાધન કરે છે, અને કેટલાકો "વશીકરણુ" શીખે છે, જેને આપણુ હમણા તેના સુધરેલાં ઇંગ્રેજી નામ "હીપ્નોટીજમ"થી ઓલખીયે છીયે. તેઓ કોઇ વાર પોતાના ચેલાઓનુ એકીન મજબુત કરવા ચોક્કસ પ્રયોગથી રાત્રે તેઓના સ્વપ્નામાં દેખાવ પણ આપે છે; અને પોતાના ચેલાઓની ભોલાઇ ઉપર પોતાનુ ગુજરાન ચલાવે છે. આ રીતે આત્મજ્ઞાનની ગેરહાજરીમાં કેટલાક

ભોળા લોકો ઠગારા સાધુઓની જાળમાં ફસી પડે છે. કેટલીક વાર આ "ભાવીક ચેલાઓ" થી આત્મજ્ઞાનનાં પુસ્તકોનો અભ્યાસ પણ થઇ શકતો નથી, કારણ કે તેવાં પુસ્તકો વાંચવાની તેમને બંધી કરવામાં આવે છે; કારણ કે "મહાત્મા ગુરૂજી" પોતાની નબળાઇ સમજતા હોવાથી સ્વભાવીક રીતે બીહીક રાખે છે કે તેવાં પુસ્તકો વાંચી વાંચનાર કદાચ ગુરૂની પરિક્ષા કરી લે, અને તેમની ઠગાઇ પકડાઇ આવે. એટલુંજ નહીં, પણ બુદ્ધિ, જેની મારફતે આત્માને પીછાનવાનો છે, તેનો દરવાજો પણ એવી રીતે બંધ કરવામાં આવે છે કે, બુદ્ધિનો એક અધિકાર જે **વિવેક*** છે, જેની આત્મ જ્ઞાનમાં અતિશય જરૂર છે, તે મારી નાખવામાં આવે છે. ઘણાક ચેલાઓ માટે આ વિવેક-ની તદન ગેરહાજરી જોવામાં આવે છે. "**अह्म ब्रह्मास्मी** અનુભવસેં સમજલો: દુસરા ખટખટ કાયકું હોના ચાહીયે?" આ તેઓનો લેખ છે, પણ જે સાધનો વડે તેને જાણવો જોઇયે તેજ સાધનોથી તે ચેલાઓને દુર રાખવામાં આવે છે—કદાચને "મહાત્મા" પોતેજ તે જાણતા ન હોય!

એ ઉપરાંત બીજો એક વર્ગ એવો પણ જણાયલો છે કે જે તક મળતાં ખુન, બ્લાત્કાર કે એવાંજ કરપીણ કર્મ કરવાને ચુકતો નથી, જેના દાખલાઓ વારેવાર જાહેર વર્તમાન પત્રો લોકોની સનમુખ રજુ કરે છે. પણ આ ઠેકાણે તે માટે વધારે બોલવાની કાંઇ અગત્ય નથી.

❀

વેલાતી ચેલા અને ગામઠી ગુરૂ.

મી૦ વેલાતી એક જુવાન જરથોસ્તી હતા, જેમની રગોમાં કોઇ અસલ અથોરનાનનું લોહી દોડતું હતું. તેઓએ હાલની કેળવણી લીધેલી હતી, અને વળી તે સાથે વેલાતની મુસાફરી કીધેલી હતી. સંસારનો અભાવ મોહોડેથી ખરો, પણ તે ભોગવવાની રીતી તો સંસારી પુરૂષના

---

* આત્મા-અનાત્મા વિવેક એટલે ખરૂ-ખોટુ, અમર-ફાની, સત્ત-અસત, પીછાનવાની શક્તિ.

જેવીજ માલમ પડતી હતી. એમની કેળવણી, એમનો સ્વભાવ, એમના આચાર વિચારો, એમની પાશ્ચાત વળાણ, એ સઘલાંને જો કોઇ પણ માર્ગ બંધ બેસતો હતો તો એમને માટે થીઓસોફીકલ સોસાયટી એક બરહક મંડળ હતું. પણ તેઓ કોઇ મહાત્મા સાધુની શોધમાં પડયા, અને કોઈ કચોઘડીયે એમની ઓળખાણ એક સાધુ સાથ થઇ. આ સાધુ જો કે કોઇ રસ્તે રખડતા સાધુ ન હતા—તોપણ તે સાધુજ. જ્ઞાનયોગ કરતાં હઠયોગ વિશેશ. મી૦ વેલાતી એમના ભાવીક ચેલા થયા. તેમની ભક્તિ તો ખરેખર વખાણવા લાયક હતી, તે એવી કે ગુરૂજીની "ફીલસુફી"નાં કાંઇક પુસ્તક પણ તેઓએ રચ્યાં અને પ્રસિદ્ધ કીધાં. પણ તે કોણ સમજે? ચેલાને બાહ્ય દિક્ષા મળી, અને તેમના ઉપર કેટલીક ફરજો આવી પડી. જે માણસ જુવાનીમાં ભરચક રામણમાં રમતો, પાશ્ચાત કેળવણીવાળો, નાટકનો ભાવીક સેવક, ઇત્યાદી, ઇત્યાદી, તેને એક સાધુનાં અપાયલાં "ઓબ્લીગેશન્સ" પહાડ જેવાં નહીં લાગે તો બીજુ શું? આમ હોવાથી મી૦ વેલાતી વારેવાર ફર્યાદ કરતા હતા કે ગુરૂ મહારાજ તો જેનાથી અધમણનો બોજો નહીં ઉંચકાય તેની ઉપર સવા મણનો બોજો લાધે છે. અલબત, જયાં વાડી બંગલાના સુખ કરતાં મોટું સુખ મેલવવાની આશા ત્યાં તેની જવાબદારી પણ મોટી હોવી જોઇયે. પણ માહાં ભાયેગે એવા કાયદાઓ જાણવા કે અભ્યાસ કરવાની છુટ આ ચેલાને નહીં હતી; બીજા ગુરૂઓ કે મંડળોનું સાહીત્ય વાંચવા કે અભ્યાસ કરવાના દરવાજા બંધ થયલા હતા, તો જો કે નાટક અને ન્યુસપેપર સાથનો વેહેવાર રાખવાની તેમને બાધ ન હતી! આથી મી૦ વેલાતી વારેવાર પોતાના ફરોહરની દોરી તોડી નાખવાની——— પણ આપણને કોઇની ખાંનગી બાબદમાં જવાનો અધિકાર નથી. કર્મનો કાયદો અબાધ છે: તે સર્વેને જુએ છે.

ધીમે ધીમે મીસીસ વેલાતી પણ એજ ગુરૂની ચેલી થયાં. આ બાબદમાં હું સંખ્યાબંધ બેહેનોનાં સંબંધમાં આવ્યો છું તે ઉપરથી અનુભવ સાથ કહી શકું છું કે મીનોઇ બાબદમાં ભક્તિ [જાનફેશાની] માં મરદ કરતાં ઓરત જાત ચઢે છે. આ મુજબ મીસીસ વેલાતી યોગની સરતમાં જો પોતાનાં પતી કરતાં આગળ જવા માંગે તો જઇ શકે. પણ જયાં સ્પેન્તમૈન્યુશની વૃદ્ધિ હોય ત્યાં અંઘરેમૈન્યુશની દાખલ થાય છે. મી૦ વેલાતી ભૂલી ગયા કે, યોગ માર્ગમાં આપણાં માલ-મીલકતજ નહીં, પણ આપણાં ઓરત-બાળક અને ખુદ આપણો પોતાનો જીવ, ગુરૂને

અર્પણ કરવાનાં છે—તે સર્વસ્વ તેનુજ છે એમ ગણવાનું છે—એમ વર્તવાનું છે. પણ અંધરેમૈન્યુશ માટે દરવાજો ઉઘડયો, અને આ ભાવીક ચેલાએ એક વાર પુંજા કીધેલા પોતાના સ્વીકારેલા "મહાત્મા-ગુરૂ"ને ઘરબહાર ખંખેરી કહાડયા! . . . .

વાંચનાર, તારે જો યોગ માર્ગમાં દાખલ થવાની મરજી થાય તો ગુરૂ અને ચેલા વચેનો સંબંધ જાણી પછીજ દાખલ થજે; પણ તે પેહેલાં ગુરૂનુ લક્ષણ શું છે તે તો તારે જરૂર તપાસવું જોઇશે.

❀

"પરમહંશ" મહાત્મા અને "પરમદંભી" ચેલા.

ગુજરાતમાં કેટલાક પારસીઓ વસે છે, તેઓ હમેશાં મહાત્માઓની શોધમાં રહે છે. તેઓના સમાગમમાં જાતજાતના "મહાત્માઓ" આવે છે. તેમાંના એક બેનાં ચિત્રો અત્રે, હિન્દુસ્થાન કેવી જાતના મહાત્માઓથી ભરેલું છે, તેના નમુના તરીકે રજુ કરી શકાશે.

મહાત્મા નંબર વન એક સાધુ છે, અને ભગવાં વસ્ત્રો સજે છે. તેમના કેટલાક પારસી ચેલાઓ છે. ચેલાઓએ જયારે મૌંસ મદીરાનો ત્યાગ કીધો છે, અને બીજી વસ્તુઓ સાથ ખુદ પોતાનાં શરીરને ટકવી રાખવાનાં સાદા ખોરાકની પણ કોઇ વાર બખીલાઇ કરે છે, ત્યારે તેમનાં ગુરૂ મહાત્મા, જે આ ચેલાઓને ખરચે જીવે છે, તે પોતાના "લોવર સેલ્ફ"ને તૃપ્ત કરવાને વ્હીસ્કી, સોડા, રાસ્પબરી, મરઘી, બતક, ઇત્યાદી, ઇત્યાદી ઉપર મારો ચલાવે છે; એટલુંજ નહીં, પણ તેમને બાલે લગાડવાને સુગંધી તેલ અને અત્તરો પણ જોઇયે છે! ટુંકમાં, આ મહાત્મા માત્ર ભગવાં વસ્ત્ર સિવાય એક સંસારી માણસના જોઇયે તેવા "કોડ" પુરા પાડે છે! જયારે પેલા પારસી ચેલાઓને એવા ગુરૂ પસંદ કરવાનું કારણ પુછવામાં આવે છે, ત્યારે તેઓ જવાબ દે છે કે, "એ તો પરમહંશ મહાત્મા તેથી એમને સઘલું ખપે!" પરમહંશ તે શું? આમ જયારે સવાલ થાય છે, ત્યારે ગરીબ બીચારા ચેલાઓ સમજ્યા વગર ટુંકમાં કાસર પતાવે છે કે, "ખુદાને પોંહોચેલા!" ઠીક, કબુલ છે. પણ "સઘલું ખપતું" હોય તો એજ પરમહંશની આગળ વ્હીસ્કીને બદલે

એક ગ્લાસ ગટરનુ પાણી અને મરઘીની ટાંગને બદલે એક અનઘટતી ચીજ રજુ કરો, અને જુઓ કે તે તેમને ખપે છે કે નહીં. પરમહંશની પરિક્ષા સેહજે થઇ જશે. આપણે "અહમ બ્રહ્માસ્મી" બોલનારા અને પોતાને તેમ માનનારા સાધુઓને જોયા છે.

અહમ્ બ્રહ્માસ્મી—"હું બ્રહ્મ છું."

એક વાર એક બ્રાહ્મણ વેદનો ઉપલો મહાવાકય બડબડતા હતા, અને અજ્ઞાન લોકો તેને મહાત્મા સમજી, તેના ગલામાં ફુલના હાર પેહેરાવી તેની પુજા કરતા હતા. એક દીવસે તેની આસપાસ લોકોનું ટોળુ ઉભેલુ જોઇ, આ બિનાની શરૂઆતમાં વર્ણવેલા હઠ યોગી તે રસ્તેથી પસાર થતા હતા તે ઉભા રહી ગયા. ખબર કહાડતાં તેમને માલમ પડયું કે કોઇ બ્રાહ્મણ ઉપર મુજબ ઢોંગ લઇ બેઠો છે. યોગીરાજે અંદર દાખલ થઇ નમ્રતાથી નીચે મુજબ જણાવ્યું :—

"હે મહારાજ! આપ બ્રહ્મ સ્વરૂપ છો ને? બ્રહ્મ આગમાં બળતો નથી, પાણીમાં ડુબતો નથી, તલવારે કપાતો નથી, ઝેરથી મરતો નથી. ઇત્યાદી, ઇત્યાદી. માટે, ચાલો, આપણ એક ટોપલો ભરી કોલસા મંગાવી તેની ચેહ સળગાવીયે, અને તેમાંથી બેઉ જણ ચાલી જઇયે. જો આપ ખરેખર બ્રહ્મ હશો તો બળી જશો નહીં."

આમ કહી યોગીરાજે કોલસા મંગાવવાનો હુકમ કર્યો, જેથી બ્રાહ્મણરાજ ધભરાયા અને ત્યાંથી જીવ લઇ નાઠા. તે દીવસથી તેના મોહોમાંથી અહમ્ બ્રહ્માસ્મી બોલાતો બંધ પડયો.

❀

"પીસ્તાં-બદામ" મહાત્મા.

આગળ વર્ણવેલા ગુજરાતના પારસીઓને એક મહાત્મા એવા મળી ગયા કે જેઓ "પીસ્તાં-બદામ" સિવાય બીજું કશું ખાતા નહીં! તેમની લૉજીક એવી છે કે બીજા ખોરાકથી વીર્ય અને વિષય વધે છે, અને ઇંદ્રીઓને દાબવાની જરૂર છે તેથી ઉપલો "સાદો" ખોરાક તેઓ ખાય છે; અલબત, ચેલાઓને ખરચે. તે ઉપર દુધ પીએ છે કે નહી તેની ખબર આપણને મલી નથી, પણ આટલું તો ચોક્કસ કે જે ચીજથી આ ગુરૂ બીહે

છે તે ચીજને પાલીને તેઓ ખુબ મસ્તાન પોષણ આપે છે, તે આ ચેલાઓ સમજી શકતા નથી! આ ચેલાઓ પોતે પોતાને ડાહ્યા અને બીજાઓને મૂર્ખ ગણે છે; પણ તેમની દાનાઇ અને ડહાપણ તેમની જીંદગી ગુજારવાની રીત બારીકીથી તપાસતાં સ્પષ્ટ માલમ પડી આવે છે.

આ ચેલાઓની સંઘમાં એક સરકારી નોકર હતો. તેઓ સઘલા આત્મજ્ઞાનની પીંજાઇ ગયલી વાતો કરવામાં એક્કા તો ખરા; પણ આ સરકારી નોકર સરકારની દાતરાજીમાં આવી પડયાથી તેમની નોકરી હવા ખાવા ગઇ અને સદીકુ પાનીચું લેવુ પડયું. એક બીજા ચેલા પોતાના કેટલાક પૈસાનો ઉપયોગ સાધુ-સેવામાં કરે છે, અને બાકીના પૈસા ગરીબ લોકોને હેરાન કરવામાં ખરચે છે; તેમજ પોતાના ધંધામાં તરેહવાર . . . . . પણ આપણે અહીં કોઇ ભકતોની ખાનગી વાત જાહેર કરવા બેઠા નથી.

"પરબ્રહ્મ"ની શોધમાં.

જેઓ મહાત્માઓની શોધમાં નીકલે છે તેઓની હિમ્મત આ જુવાનની હિમ્મત આગળ શી વીસાત ધરાવે? મી૦ સ્ટાર એક જુવાન જરથોસ્તી હતા, તોખમે અથોરનાન હતા. ભણવા-ગણવાનો આકેબ ઘણો—એટલો કે તેથી તેઓ સેહેજ "સાઇકીક" બન્યા હતા: તેમની નજરે કોઇ વાર કાંઇ કુદરતની પેલી મેરના રંગો પણ દેખાતા હતા. અહીંજ માણસને વધારે સાવધ રહેવાનું છે. પણ મી૦ સ્ટારને એક કમનસીબ પલમાં તે વિષે કાંઇ ગુમાન આવ્યું. તેઓ એક ઇરાની ઉસ્તાદના ચેલા હતા, જેઓએ હઠ યોગની મદદથી કેટલીક શક્તિ પ્રાપ્ત કીધી હતી, પણ પાછળથી તે શક્તિનું શું થયું તે તો દાદાર હોરમજ્દ જાણે! મી૦ સ્ટાર પોતાના ઉસ્તાદ આગળ બે હાથ જોડી ઉભા રહેતા હતા, અને જ્યાં સુધી ઉસ્તાદ હુકમ ફરમાવે નહીં ત્યાં લગી તે બેસવાની હિમ્મત કરતા નહીં, એવી આ સાગેર્દની ફરમાબરદારી હતી. તાબેદારી તો બહુ વખાણવા લાયક.

ધીમે ધીમે આ જુવાન ચેલાની નજર થીયોસોફીકલ સોસાયટી તરફ લાગી, અને ત્યાંની બોહોલી વાતચીતથી આ ચેલાને પોતાના ઉસ્તાદ "નાના" માલમ પડવા લાગ્યા, તેથી એક દીવસ તેમને કાંઇ "પોલાદી" સખુનો કહી છુટા પડયા.

કોઇ પણ માણસે યાદ રાખવું કે, એક વાર સ્વીકારેલા ગુરૂને છોડવા પડે તો તેને નમ્રતાથીજ છોડવા, અને બીજા ગુરૂ કરવા છતાં આગલા ગુરૂ તરફ માન બતાવી મોહોબતથીજ વર્તવું; નહી તો પરિણામ બહુ માઠું આવે. મરહુમ શેઠ સોરાબજી જમશેદજીના બાબમાં પણ એમજ બન્યું હતું એમ મારા સાંભલવામાં આવ્યું હતું.

ઉપલા જુવાને જો પોતાના ઉસ્તાદને છોડયા પછી થીયોસોફીકલ સોસાયટીમાંથી બહાર પડતાં લખાણો વાંચવા ઉપર લક્ષ આપ્યું હોત તો પાછળથી જે ભયંકર પરિણામ નિપજ્યું તે નિપજત નહીં. તેઓને વાંચવાની સલાહ આપનારાઓની કોશેશ ફોકટ ગઇ; અને માત્ર સાધુ–સંતોની વાત સાંભળવા ઉપર તેઓ વિશેશ લક્ષ આપવાને લીધે, એક માળા લઇ તેઓ "નામ સ્મરણ"ને આશરે જઇ પડયા—અને ખુદાનુ એક નામ જપવા લાગ્યા. કેટલાકો આ કામ નાપસંદ કરતા હતા, અને કેટલાકો તેને ઉતેજન આપતા હતા. તેઓએ હવે કાંઇ વિચીત્ર રંગ દેખાડવા માંડયો અને એવું કહેવા લાગ્યા કે, "ઇશ્વર, બ્રહ્મ, અને સર્વે પરબ્રહ્મની નીચે, તેથી મારેતો પરબ્રહ્મનેજ મલવું!" ભલે, ભાઇ, તેમ થાઓ! એકજ કુદકે—એકજ તડાકે કે? આપણ હવે જોઇશું.

આ ભાઇએ ધીમે ધીમે સાધુઓની દોસ્તી માંડી અને ભુલેશ્વરમાં વાસો કરવા માંડયો. સુદરો–કુસ્તી કહાડી નાખી ભગવું વસ્ત્ર અને લંગોટી લીધી, અને ચરશ નામની કેફી વસ્તુનો ધુમાડો "પીવા" માંડયો. તેના ભાઇબંધોની સમજાવવાની સઘલી કોશેશો રદ ગઇ, અને પરિણામ એ આવ્યું કે તેમનુ મગ્જ ગયું. . . . આખરે બચારાને એક દેવાનાશાળામાં તેના પ્રિય પરબ્રહ્મની શોધ કરવા બેસાડવામાં આવ્યા!

આ દાખલો આપણામાં અફસોસ સાથ દયા પેદા કરે છે!

થીઓસોફીકલ સોસાયટીને બદનામ કરનારાઓ જો આવા દાખલાઓનાં ભિત્તરમાં જઇ કાંઇ જોશે તો માલમ પડશે કે આ મંડળીમાંથી બહાર પડતાં લખાણો ઉપર જો ધ્યાન આપવામાં આવતું હોય તો આવા ઘણાક માણસોનો બચાવ થાય; પણ જ્યારે લખાણો ઉપર ધ્યાન આપવામાં આવતું નથી, અને "ભટક્તા મહાત્માઓ"ની શોધમાં લોકો જાય છે, ત્યારે ઉપર દર્શાવ્યા જેવા બનાવો બને છે.

મહાત્મા-ગુરૂ કરતાં ઇશ્વર પણ નાનો!

મોફસીલથી એક મિત્ર એક પારસી જુવાન માટે લખે છે કે—

"તમો ભાઇ ગયે સાલ (૧૯૦૪) એવનને ત્યાં ગયા હતા ત્યારે એ કુંટુંબ તરતનુંજ આ શહેરમાં આવી રહ્યું હતુ. તેની આગમચ એ ભાઇને સાધુઓ પછવાડે ભટકવાની ટેવ હતી, અને જ્યારે એ કુંટુંબ ——માં રહેતું હતું ત્યારે સેજ બોલાચાલી થવે એ ભાઇ ઘરમાંથી નાસી ગયો હતો, અને મુશકેલે સમજાવી પાછો લાવવામાં આવ્યો હતો. એવને એક સાધુને પોતાના ગુરૂ કરી લીધા હતા, પણ તેનેથી છુટા પડી જ્યારે એઓ અહીં આવી વસ્યા ત્યારે તેણે શીખામણ દીધી હતી કે પ્રાણાયમ ના કરતો, અને તમો ગયા ત્યારે કોઇ સાધુને પીછો નહી હોવાથી એવનનું ધ્યાંન થિઓસોફીપર જતું હતું, અને સૌ ઠીક હતું. પણ તમારા ગયા પછી એવન ભાઇએ અહીં કોઇ બીજા સાધુને શોધી કહાડયા અને તેવન પાસે રોજ સાંજના જેવા ઑફીસમાંથી છુટે છે તેવા જાય છે અને મોડેથી ઘર આવે છે. એ સાધુ હઠયોગી છે અને આપણો દોસ્ત પણ હઠયોગ અને પ્રાણાયમ કરે છે. હઠયોગ હવે મુકી દીધો છે, એમ એવન કહેતા હતા, પણ મને ખાત્રી નથી; કારણ કે એવનના બેહેનથી માલમ પડયું છે કે એઓ હજી પ્રાણાયમ કરે છે. સ્વાર્થ મુકવો અને પોતાને સુધારવો એવા વિચારો તો મુદલ નથી. બસ એટલુ માની લીધેલુ લાગે છે કે "હું ઇશ્વરજ છું," અને તેથી એ જો માની લીધું તો મરણ પછી પાછો જન્મ નહી થશે, અને આત્મજ્ઞાન કે થીઓસોફીની ચોપડી વાંચવાની કાંઇ અગત નથી. એવનનો મીજાજ ઘણો ખરાબ હોવાથી જરા જરામાં માણસો સાથે ગુસ્સે થઇ જાય છે. જ્યાંરે આપણે કહીએ છે કે ઇશ્વર સર્વેમાં છે, ત્યારે નોકરમાંબી ઇશ્વર રહેલો છે, એમ જોવાથી ગુસ્સો નહી થશે. ત્યારે જવાબ દે છે "ગુસ્સો શાનો? એતો માયા છે!" એવી રીતે પોતાની કાંઇ પણ ખામી સુધારવાની તજવીજ કરવાને બદલે "હું ઇશ્વરજ છું." એવો ખ્યાલ રાખી બેસે છે. કોઇ વખત જ્યારે સાધુ-ગુરૂ તરફ્ એકદમ જનુંન આવી જાએ છે ત્યારે તો ઇશ્વરને પણ ખોઇ દે છે. એક વખત એવી હાલતમાં મોટે મોટે એ ભાંઇ બોલવા લાગ્યા, અને સાધુની

હદ બહાર તારીફ કરવા લાગ્યા, કે 'ઇશ્વરબી શું કામનો? તેણે તો મને આ કનીષ્ટ જન્મ આપ્યો, પણ મારા ગુરૂએ તો મને એમાંથી છોડવ્યો; માટે એ તો ઇશ્વરનો ઇશ્વર; એની આગળ તમારા મહાત્માઓ શું? એ તો મહાત્માઓનો મહાત્મા!'

"ભાઇજી, મને તો ફીકર લાગે છે કે પ્રાણાયમ કરતાં રખેને કાંઇ હરકત થાય. પેહલાં તો એ ભાઇએ થિયોસોફીસ્ટ થવાની મરજી બતલાવી હતી. પણ સાધુના સમજાવ્યાથી મન ફરી ગયું અને વિચીત્ર બોલવા લાગ્યા છે. એવાં માણુસો તો અંદર આવી સોસાયટીને બદનામ કરે, તેનાં કરતાં નહી આવે એજ સારૂ. માએ બેહેન પણ એમને નામે બલાપો અને ફીકર કરે છે, પણ બીહે છે કે એનીપર કાંઇ પણ દબાન કરવામાં આવશે તો ઘર મુકી સાધુ થઇ જશે. બેહેન ઘણી સમજુ છે, અને થિયોસોફીના ઉમદા વિચારો મારી પાસ ધીરજથી સમજી લઇ આપણી મંડળીમા સામેલ થયાં છે. ખુદા એ કુટુંબનો નીગેહબાન થાય. ભાઇજી, ઘણા પારસી છોકરાઓને સાધુ પછ્વાડે ભટકવાનું ચેટક લાગેલું છે, માટે એ વિષે અવારનવાર **ચેરાગ**માં લખાણ કરો તો સારૂ."

ઉપલા હેવાલ ઉપરથી જોવામાં આવશે કે, ગમે તેવાં જ્ઞાન છતાં જન્મ–મરણ, કરણીનો કાયદો, ઇત્યાદી વિષે ઉપલા ભાઇ જેમ બેખબર જણાય છે, તેમ વિવેક–બુદ્ધિને તો તદન બંધ કરી દીધેલી જણાય છે.

❋

એક પારસી કન્યાનો અનુભવ.

[તેણીના પોતાના શબ્દોમાં.]

"યોગની જીજ્ઞાસુ બેહેનો અને ભાઇઓને માટે આ ટુંક લખાણ મારા અંગત અનુભવ ઉપરથી લખુ છું. મિનોઇ વૃદ્ધિના જે ઉમેદવારો સત સંગતની ઘણીજ ખાહેશ રાખતાં હોય તેઓને આ અદના લખાણ વાંચી તે ઉપર વિચારી ચાલવાની અર્જ કરૂં છું.

"સંસારમાં રહી મિનોઇ વૃદ્ધિની કોશીશ કરવી એ આપણાં પવિત્ર જરથોસ્તી ફરમાન મુજબ માંન, ઇજત અને ઘણી કિર્તિ ભરેલું છે. મિનોઇ વૃદ્ધિને માટે સત્ સંગની જરૂર છે. સત્ સંગતનો પેહલો ફાયદો તો જેમ જાહેર કેહતી છે કે 'સોબત તેવી અસર' તેમ ભલી અસરનો છે. સોબતની અસર

એકમેક ઉપર કેવી રીતે થાય છે તે ઘણા જ્ઞાનીઓના અવલોકનથી જાહેર થયું છે, અને તે એજ કે ઘણાજ અષો પુરૂષના સમાગમમાં નજદીકથી આવવાથી તેના પ્રકાશીત ખોરેહની અને પવિત્ર ધ્વનીઓની અસર સત્સંગ કરનારને થાય છે, તેમજ તે અષો પુરૂષના જ્ઞાનના પ્રમાણ મુજબ સત્ સંગતીની જ્ઞાન શક્તિ ખીલે છે. પણ એ લાભોને માટે પેહલાં સત્ સંગતની પીછાન કરવાની જરૂર છે. જો એ પીછાનને માટે તપાસ કર્યા વગર સત્ સંગ કરવાંમાં આવે છે તો તેનાં ફાયદાઓને બદલે મોટું નુકસાન થઇ બેસે છે. ઘણાંકો ભગવાં કપડાં પેહેરી લઇ કોઇ એકાંત જગ્યાપર બેસી ગયલા-ઓનેજ સત્ પુરૂષ તરીકે માની લઇ તેની સંગત અને સમાગમમાં આવ્યા કરે છે, એવી વેળાએ ધ્વનીઓની ગ્રહણ શક્તિથી તેનામાં પેહલું મોટું નુકસાન તો એજ થાય છે કે તેને પોતાનેબી સંસાર છોડી એકાંતમાં બેસી જવાના વિચારો આવે છે, અને તેથી તેને પોતાના સમાગમમાં આવનારાં સંસારી માણસો ઉપર ક્રોધ છુટે છે. વળી રફતે રફતે તેને ખુદરતની બેમુલ નવાજેસો ઉપર ધિઃક્કાર બરપા થાય છે અને તેનું મન સંસારમાંથી નહાસી જંગલમાં બેસવાને ફાંફાં મારે છે.

"આ ત્રણડે બીના એક ખરા ખુદાશનાસની વલનોથી તદનજ ઉલટી છે. ખુદાશનાસીની રાહમાં પેહલુંજ પગથિયું જોઇશું તો ક્રોધને મારવાનું છે, કે જેથી અષોઇ અને શાંતી નજદીક આવતાં જાય. બીજી ખાસ બાબદ ધીઃકારનો નાશ કરી મોહોબત વધારવાની છે, કે જેથી એકતાઇ, અથવા જ્યાં જ્યાંબી મન જાય ત્યાં ત્યાં અહુરમઝ્દનીજ હાજરી અનુભવાય ; અને ત્રીજુ, મનને કેળવનારા અને તાબે રાખનારા જે ખરા યોગીઓ છે, તેઓને માટે અમુલ સાધન કુદરતની કરાંમતો અને બેમુલ નવાજેસો છે ; કારણ કે તેનાં સમાગમમાંજ મનને કેળવી શકાય છે. તેમજ મનને તાબે રાખ-વાને માટે અમુલ સાધન સંસારજ છે, કારણ કે સંસારમાં રહીને જ્યારે સંસારમાં જે લીન્ન થતો નથી તેણેજ મનને ખરે વશ કીધેલું કહેવાય અને તેજ ખરો યોગી કહી શકાય. તેજ ખરો સનયાસી છે—તેજ મનને એકાગ્ર અને સ્થીર કરનારો છે, અને તેજ ખરો સાધુ, શુદ્ધ પુરૂષ છે. તેનું અંતઃકરણ પુરેપુરૂં શુદ્ધ થયલું છે.

"એક જંગલમાં જઇ વસેલા પુરૂપની સંગતથી એથી ઉલટીજ અસરો થાય છે. સંસારની ફરજો ચુકી જંગલમાં જઇ બેસનાર પુરૂષ સાધુ નહી, પણ ફરજોની કરજોનો ખરો દેવાદાર છે. એવા લોકોને આપણા જરથોસ્તી

શાસ્ત્રોમાં વખાણેલા કે આરાધેલા નથી. કારણ કે જે **ખરા મહાત્માઓ છે,** તેઓ કુલ મનુષ્ય જાતની વૃદ્ધિનું હીત હૈડે ધરનારા છે, તેથી તેઓ આમ અને ખાસ લોકોને માટે સંસારમાં રહી યોગ સાંધી ગયા છે અને સંધાવી ગયા છે, અને હજુર બી એવી રીતે પોતાના સીલસીલાએ મદદ પેહોંચાડી રહ્યા છે. કયા કયા નરો આરાધનાને લાયક છે તે જાણવા માટે અઇવિસ્રુથ્રેમ ગેહેના નીચલા ફકરા પ્રસંગોપાત છે:—

"ઘર અને ઘરના ધણી **અષો અષોઇએ કરી બુજર્ગ** છે તેને આરાધું; મોહલ્લા અને મોહલ્લાના સરદાર અષો અષોઇએ કરી બુજર્ગ છે તેને આરાધું; ગામ અને ગામના સરદાર, દેશ અને દેશના સરદાર અષો અષોઇએ કરી બુજર્ગ છે તેને આરાધું."

"ઉપલી રીતે આરાધેલા અષો નરો સંસારમાં રહી યોગ સાંધનારા યોગીઓ છે, અને દરેક ધર્મમા નામના મેલવી ગયલા મહાન પુરૂષો સંસારમાં મનુષ્ય જાતની વૃદ્ધિને માટે અનેક રંજો અને જેહેમત ખેંચી પોતે યોગ સાધી બીજાઓ પાસ સંધાવી ગયલાઓજ છે. અષો સત્ જરથોસ્ત, શ્રી કૃષ્ણ, પરમાર્થી બુધ, હજરત મહમદ, અને પવિત્ર જીસસ ક્રાઇસ્ટ એ સઘળા પેગમ્બરો, અને કેખુશરો, જનક વિગેરે જેવા મહાન મહાત્મા પુરૂષો, જે જે કરી ગયા છે તે કોઇને અજાણ નહી હશે. તેવા અષો પરમાર્થીઓને પગલે ચાલી દીન મહજબનું ખરૂં જ્ઞાન જે આત્મ જ્ઞાન છે, તે લેવા અને જ્ઞાન લઇ બીજાઓને તે આપવાને તલબગાર એવા પરમાર્થી સંસારમાં રહી મનને વસ કરી **અષો** થયલા નીરલીપ્ત ઇચ્છાઓ વગરના **ખરા વૈરાગીઓ**ની મન-વાચા અને કર્મની સંગત આપણને ખરે રસ્તે દોરવે છે, અને નુકસાન વગરના બીનદેહસત આકેબતની ભલાઇઓ સાથ આએ બાકી હૈયાતીમાંજ મુક્તિ બક્ષનારા સત્ માર્ગે લગાડે છે. એજ ખરી સત્ સંગતનું ફળ છે, એજ ફાએદાકારક પરીણામ છે. એવાં પરીણામ અને ફળ આપણે પાપ્ત નહી કીધાં તો તે સત્ સંગત્ નકામી છે.

"સાધારણ બહારના ત્યાગી જોગીઓની સંગતમાં આગલ વર્ણવેલા ગેરફાયદા ઉપરાંત બીજાબી ગેરફાયદાઓ છે: તે એ કે ઘણીક વેળા કોઇ સાધુઓ મેસમેરીજમ જાણનારા હોય છે, તો તે એ ભલી સીદ્ધિને આડે માર્ગે વાપરી તેનાં સમાગમમાં આવનારની વિચાર શક્તિઓને તદન દાબી દઇ, પોતાનેજ વિચારે ચલાવે છે. એ જેટલું મીનોઇ વૃદ્ધિને અને પ્રગટીકરણને નુકસાનકારક છે, તેટલું બીજુ કોઇજ નથી. એવી રીતે મેસમેરી-

જમની અસરો તલે દબાયલું ઇનસાન આંધલાં આદમીની ભીસાલે પર સાહેતાથી દોરવાતું રહે છે, અને તેથી તેનામાં રહેલી બીજરૂપી બધી શક્તિઓ જેમની તેમ વગર ખીલવે બીજરૂપી પડી રહે છે. તેને ખીલવવા માટેની સ્વેચ્છા જાણે ગુમજ થઇ જાય છે. એ મહાભારત નુકસાનથી બીજું કયું નુકસાન વધારે હોય ? એટલુ નુકસાન બસ નહી હોય તેમ જો તે 'જોગી' મેસમેરીજમ જાણતો હોય, અને વળી શારીરીક યોગી યાને પ્રાણાયમ વીગેરે ક્રિયાઓમાંજ મુક્તિ મલે એવું માનનારો ને મનાવનારો હોય, તો પોતાની સંગત કરનારને પણ તે ભયંકર નુકસાનકારક ક્રિયાઓ શીખવે છે, જેના પરીણામમાં મુક્તિ નહીં પણ શરીરની અવ્યવસ્થા થઇ અનેક દુષ્ટ રોગો ઉપન્ન થાય છે, અને શરૂઆતમાંજ ચેતી તે ક્રિયાઓ છોડી દેવામાં નહી આવે તો તે ઘણીજ દુઃખદાયક હાલતો નીપજાવે છે.

"જોગીઓનો ઘણો મોટો ભાગ પોતાના આ જન્મમાં પોતે જે રીત એખ્તીયાર કીધી હોય તેજ રીત તે પોતાના દરેક સમાગમમાં આવનારને શીખવવા મ ડી જાય છે, એજ દેખાડી આપે છે કે તેઓ પ્રગટીકરણના કાયદાને તપાસીને અધિકાર જોઇ જ્ઞાન આપવાની સમજ ધરાવતા નથી. તેથી 'સબે ઘોડે બારે ટકા'ના જેવા વિચારે તેઓ **પોતાનું અજ્ઞાનપણું ખુલ્લુ કરે છે,** તોબી આગલ વર્ણવ્યા મુજબ જો મેસમેરીજમનું દબાન ચલાવવામાં આવેલું હોય છે તો તે ખુલ્લુ અજ્ઞાનપણું સમજી શકાતું નથી; અને એવી રીતના પ્રગટીકરણના ધોરણ અને ફરજ જે સમજ્યા વગર આપેલી રીતીઓથી—ખરૂં કહુ તો જ્ઞાન નહીં પણ 'શારીરીક કસરત' જેવાજ શારીરીક યોગથી—તે લેનારને કંઇબી ફાયદો થતો નથી; પણ તેની શક્તિ, અધિકાર, સંજોગ અને હાલતને નહીં અનુસરતી રીતીઓથી તેની મગજ શક્તિ ફેરાવન, બેહેકેલી, નાપાયદાર (એટલે પોતાપર પોતાનો બીલકુલ કાબુ નહીં) તેવી બની જાય છે.

"આ મારૂં સઘલું વિવેચન ફકત લોકમત નથી, પણ સત્ સંગ કરવામાં ખાધેલાં ગોતાનાં જાતીઅનુભવોથી અનુભવીત છે. તે પાક રાહબરે વધુ ખરાબી ઉપજવા પહેલાં ફરેસ્તાઇ ખસલતની મદદો મોકલી ખરો માર્ગ દેખાડયો તેનાં હજારો હજાર શુક્ર કરી બીજા બંધુઓ કોઇ ખરાબે અથડતા હોય તેઓને માટે આ ટુંક વર્ણન કીધું છે. પ્રિય **વૈરાગ**નાં વાંચણની શરૂઆતમાંજ જે બુલંદ વાકય છે કે 'રસ્તો માત્ર એકજ છે,

તે અષોઇનો: બીજા સઘલા રસ્તા ખોટા,' તે કેટલો બરહક અને ઉપલી ભુલવણીથી બચાવનાર છે, તે ઉપર પ્રિય વાંચકોનું ધ્યાંન ખેંચી સઘલાંને ઉત્તમ અષોઇની ઉસત્વારી—જેમાં પુરેપુરો યોગ—કર્મ યોગ, જ્ઞાન યોગ, ભક્તિ યોગ—સમાઇ જાય છે, તે ચાહી, આએ વિષય પુરો કરૂં છું."

❀

એક શોધકનો એકરાર.

[તેના પોતાના શબ્દોમાં.]

"પેહલાં તો મારે કહેવું જોઇયે કે થિયોસોફીનો એક બોલ બી વાંચ્યા અગર જાણ્યા વગર 'પટેલની જપ કરૂ! તું કરે તે હું બી કરૂ,' એવી રીતે મારી શોધનો પ્રારંભ થયો. કોઇ એક મહાત્મા ગુરૂજી આવેલા છે એવું સાંભળી બીજાઓ ભેગાં મેં પણ તેમની પાસ જવાનું ચાલુ કર્યું! જાતે ગામડીયા ભાઇ—મુંબઇ બી પુરી પાધરી ફરેલા નહી,—તેને મનથી કાંઇ નવાજ ભુવન ઉપર એક તડાકે જવાની વાત એક ચમત્કાર હતો! ગુરૂજી પાસ જતાં ગુરૂજીએ પુછ્યું કે કાંઇ કમાય છે કે નહી! મારા અંગત મિત્રે તેવણનું મન મનાવી સમાધાની કીધી કે 'નોકરી લાગતાં એ ખચીત ઉપયોગી થઇ પડશે!' પેહલાં તો ગુરૂજીના માનીતા ચેલાઓ તરફથી કાંઇ કાંમ સોંપાય તે ખુશીથી બજા લાવવું, એ ફરજ થઇ પડી. પણ અનુભવે શિખાડયું કે ગુરૂજીની નજર તો માલ મસાલો પુરો પાડનાર ચેલાઓ ઉપરજ હતી! તે કેમ? દરરોજ તેઓમાથી એક એકની વારી પાડી તેઓની સાથે ધ્યાનમા બેસતાં, તેઓને પોતાનાં પવિત્ર શરીર સાથે સ્પર્શ કરાવી, પવિત્ર બનાવી, તેમનાં કર્મો ધોઇ નાખવાની તેઓ આશા આપતા. પણ સેવકને તો બાતલ! વારી જેવું કશું ન મળે! મનમાં હું બહુજ મુંજાઉ કે ગુરૂજીની પાસે આવી રીતે માનીતા થઇ પડેલા ચેલાઓનાં કર્મ કેવાં શુદ્ધ હશે, અને આ જીવડો એટલો બધો પાપી કેમ હશે? તોપણ એક વેળા ગુરૂજીની મેહેરબાની આપણા ઉપર ઉતરી ખરી! હંમેશના નિયમ પ્રમાણે સર્વે ચેલાઓ સાથે ધ્યાન ધરવા એક આસનપર બેસતા અને ગુરૂજીબી ધ્યાન કરવા બેસો મદદ આપતા! એમ કરતાં એક દહાડે તેવણે મારી આગળ આવી મારી આંખ વીચેલી હતી તેના તરફ ભ્રૂમધ્યમાં કાંઇ ચક્ર ખીલવવાની મતલબથી પોતાનો ચમત્કારિક દંડુકો (હાથ) દૂરથી ધરી એક વિજળી સમાન એવોતો ઝટકો મારી આંખને આપ્યો કે, વળી શું કહું મારી હાલતની વાત! તે વખતે આપણે

તો આપણી ઉપર ગુરૂજીની મેહેરબાની ઉતરી, એમ સંતોષ માની લીધો; પણ તેવણુની નજદીક બેસતાં મને કોઇ દુ:ખદાયક લાગણી ઉત્પન્ન થતી હતી. ખેર! થોડા વખતમાં ગુરૂજીના પ્રતાપથી—કે મારાં કર્મને જોરે—મને દેશાવર જવાની નોકરી મળી! હું ગયો ખરો, પણ સાથે ગુરૂજીને બી લેતો ગયો! તે કાંઇ તેવણુનું ખાકી શરીર નહી, પણ તેવણુની મનમા કલપેલી પ્રતિમા [મૂર્તિ]ને સાથે લઇ ગયો. રાત ને દહાડો તે પ્રતિમા મારા મન આગળથી ખસતી ન હતી. તે વખતે મહાત્મા-ગુરૂ ઉત્તર હિંદુસ્થાન ગયલા હતા. વિચાર શક્તિ કેટલી બળવાન છે, તેની અહિં સાબેતી મળે છે. જુવાન ભાવિક પુરૂષો જો પોતાની જુવાની છક ન કરે ને વિર્યની વૃદ્ધિ સાથે ઇચ્છા શક્તિના બળવાન ફુંફાડા બહાર કહાડે તો તેની અસર અન્દીઠ ભૂવનોપર મજબુત થવીજ જોઇએ. એજ કારણથી ગુરૂજીએ એક પોતાના માનીતા ચેલાને લખી પુછાવ્યું કે, 'પેલો પોરકો કયાં છે?' આપણને તેની વધાઇની ખબર મળી! એવડાં બળને ઉલટથી આપણે તો અભ્યાસ ચાલુજ રાખ્યો. પણ હવે જલદીથી સર્વેનો અંત આવવાનો હતો. થોડીક મુદતે હું મુંબઇ પાછો ફર્યો, તો મારી આગલ મારા મિત્રે તેવણુની વાખવાખીની વાતો આસ્તે આસ્તે કહેવા માંડી. મને માલમ પડયું કે ડાકોરની જાત્રાએ તેના સાથે ગયલા ચેલાઓને તેના લક્ષણ ખોટાં દીસવા લાગ્યાં. ત્યાં મળેલાં પવિત્ર સાધુઓનાં ટોળાંઓમાના વધારે જ્ઞાની ચેલાઓએ તેને ચેલૅંજ મોકલી એવું સંભળાયું; એવું કહીને કે તેના ચેહેરાપર મહાત્મીક નુરજ ન હતું, અને જો તે ખરેખરો મહાત્માજ હોય તો તેણે તે ચેલૅંજ ઉપાડી લેવો.

. . . . .

"મીનોઇ જ્ઞાન મળવું તો માણસની લાયકાતપર છે અને તે વખત પાકો થવે તે પોતાની મેળેજ તેવા અશો ગુરૂની મદદથી મળશે. પણ ફરજને ખાતર ફરજ અદા કરી જવી એટલુંજ ડાહાપણ શિખીને મોંઘે દામે જે કડવો અનુભવ મેળવ્યો છે, તે અત્રે વર્ણવ્યો છે, કે જુવાન જીજ્ઞાસુઓને તેથી ધડો મળે."

શરીર-મહાત્મા.

થોડાક વખત ઉપર એક મહાત્મા મુંબઇમાં આવી ચહડયા હતા, અને તેમની પ્રસંશાનાં વાજીંત્રો પત્રદ્વારે ચોમેર વાગી રહ્યાં હતાં. તેમનાં દરશને મુંબઇમાં "પંડીતો" અને "વિદ્વાનો"માં ખપતા તેમજ રાજદ્વારી આગેવાનો સુધાં, પધારતા હતા. આપણ દુરથી તમાસો જોતા રહ્યા હતા. આ મહાત્માએ હઠયોગ પ્રાણાયમમાં કાંઇક કુશળતા મેળવેલી હોવાથી, તેઓ પોતાના દમને, અલબત, કેટલીક વાર રોકી શકતા હતા. આમ લોકો, તેમજ ખાસ લોકો, જેઓને યોગ વિષે કાંઇ ખરૂં જ્ઞાન હોતું નથી, તેઓ આ તાલીમથી અજાયબ થતા હતા. પણ આ અભ્યાસમાં **જ્ઞાન કે રોશની** જેવું કશું હતું નહીં. યોગીરાજ જે કાંઇ ખાત્રી આપતા હતા તે એજ કે એ અભ્યાસથી "શરીર તનદરોસ્ત રહે અને જીંદગી લાંબી થાય." પણ આ સઘળી ફત્તેહ મળવા છતાં, જો એક માણસ દુરાચારી રહે, અને ભલે પાંચસો વર્ષ તનદરોસ્તી સાથ જીવ્યો, તો તેનુ જીવેલું શા ખપનું? અંતર્પ્રકાશ કે અંતર્જ્ઞાન કે અંતર્દષ્ટિની વાત તો આ મહાત્મા તરફથી કાંઇ પણ આપણને મળી શકી નહીં, જે આપણી મોજ છે, જે આપણી ખરી જીંદગી છે, જે આપણી આજની તરસ છે. જેમ બીજાઓ તેમજ આ મહાત્મા પણ થોડાક દીવસ મુંબઇની મોજીલી પ્રજા તરફની મોજ મેલવી, પોતાને ધામે પધાર્યા છે; અને થીયોસોફીકલ સોસાયટી, જેને વગોવવામાં આવા મહાત્માઓ પોતાનો ધર્મ સમજે છે, તેણે પોતાની જાહેરાત આપનારાઓમાં-નો એક "મહાત્મા" મુંબઇથી ખોયો છે.

❀

આશ્રમના દ્વારમાંથી પણ પાછા ફર્યા.

ઉપલા સઘલા દાખલાઓ ઉપરથી આપણને એવો અનુભવ મળે છે કે, આપણી પોતાની લાયકાત વગર મહાત્માઓ બજારમાં ધુંડવાથી મળતા નથી, અને મળે છે તે ખરેખરા મહાત્માઓ હોતા નથી. એક મહાત્માનાં લક્ષણો હવે પછી આપવામાં આવશે; પણ ખરા મહાત્માઓ લાયકાત માલમ પડતાં પોતેજ આપણી સમક્ષ હાજર થાય છે.

મી૦ ગણપતરાવ એક એવી વર્ણના હિન્દુ હતા કે જે વર્ણ બહુ ઉંચી ગણાતી નથી, તે છતાં મી૦ ગણપતરાવનાં સઘલાં લક્ષણો એક ચેલાને જેબ આપે એવાં હતાં. કમીસરીયટ ખાતાંમાં તેમના સગાઓનો લાગવગ હોવાથી તેમને મુકાબલામાં મોટા પગારની સુખની નોકરી મળનાર હતી, તે છોડી તેઓએ મુંબઇના એક વગવાળાં ઇંગ્રેજી છાપાખાનામાં પચીસ રૂપીયાની કફોડી નોકરી કબુલ કીધી. આમ થવાનુ કારણ તેઓ પોતે સમજી શકતા ન હતા. તેમને મારી ટેબલ આગળ જગ્યા કરી આપવામાં આવી. આ પછી કેટલાક કંપોજીટરો જેઓ તેમને ઓળખતા હતા, તેઓ તે જગ્યા આગળથી પસાર થતાં એવું બોલતાં શંભળાવા લાગ્યા કે, "દોગી સાધુ સંગતી બસલા," એટલે કે બેઉ સાધુઓ સાથે બેઠા. આમ બોલવામાં શો ભેદ હતો તે હું સમજી શકયો નહીં. તેથી એક દીવસે એક કંપોજીટરને પુછતાં તેણે ખુલાસો કીધો કે, મી૦ ગણપતરાવ પણ મારા જેવાજ વિચારના છે, અને પાહાડમાં નહાસી ગયા હતા, ત્યાંથી થાકીને પાછા આવ્યા છે. ઠીક.

મી૦ ગણપતરાવને ખુલાસો પુછતાં, તેઓ સંકોચાયા. કારણ કે પાહાડમાંથી પાછા ફર્યા પછી તેઓ આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, વગેરે હિન્દુ સમાજોનાં જઇ આવ્યા હતા, જે સમાજોના મેમ્બરો થોડે ઘણે દરજ્જે જડવાદી અને આ ખાસ બાબદમાં જોઇએ તેવી લાયકાત ધરાવતા ન હોવાને લીધે, મી૦ ગણપતરાવને હસી કહાડવામાં આવ્યા હતા. તેથી તેઓએ જ્યારે જોયું કે હિન્દુઓ તેમની વાત માનતા નથી, તો પછી એક પારસી "મલેચ્છ" તેમના વિચારને મલતો કેમ થશે? પણ જ્યારે તેમને ખાત્રી આપવામાં આવી કે કાંઇપણ બિહિક કે સંશય વગર તેઓ મને પોતાની "ઍડવેન્ચેર" યાને કાહણી કહી શકશે, ત્યારે તેઓએ નીચલો ખુલાસો કીધો, કે જે ખરેખર એક કાહાણી જેવોજ લાગે છે. તેમના કહેવાનો ભાવાર્થ, તેમના પોતાના શબ્દોમાં, એ હતો કે—

"મારો એક મિત્ર જંગલવાસ થયો, તેની શોધમાં હું અને તેની ભારજા નિકળ્યાં. થોડાક દીવસની મંજલ પછી ઓરતથી જંગલનાં સંકટો સહન નહીં થઈ શકવાને લીધે પાછી ફરી, અને હું આગળ ચાલ્યો. . . . આખરે એક પાહાડ આગળ આવી પોંહોચતાં ત્યાં કાંઇક સાધુ-સંતોની વસ્તી હોય એવાં ચિન્હો દેખાવા લાગ્યાં, તેથી મેં ત્યાં ધામો નાખ્યો. દીવસે કાંઇ ફળફળાદી ખાઇ, રાત્રે કોઇ ઝાડ નીચે પડી રહું. પણ હવે મને ત્યાંથી હાંકી કહાડવાની સામગ્રી થવા માંડી. કોઇ વાર રાત્રે નાગી તરવાલ સાથ ચોરોનુ ટોળુ હોય એમ લોકો આવે અને ફરમાવે કે મારે

આ જંગલ છોડી જવું. પણ જ્યારે મારા તરફથી જવાબ મળતો કે 'હું તો મરવાનેજ માટે આવેલો છું,' ત્યારે તેઓ પાછા ફરતા હતા. કોઇ વાર રાત્રે વાઘ આવે, ત્યારે પણ મારા મનની હાલત એજ મુજબ હું રાખતો, કે જાન આપવાજ હું આવેલો છું; અને તે વાઘ જતો રહેતો હતો. આ રીતે મને હાંકી કહાડવાની સામી બાજુની સઘળી કોશેશો રદ જતી હતી, ત્યારે દીવસે કોઇ સાધુ મને એક જાતનો કંદ ખાવા આપી જતા હતા, કે જે ખાધાથી દીવસો સુધી ભુખ લાગતી નથી. આ મુજબ તે જંગલમાં મેં અઢાર માસ કહાડયા, અને છેવટે તે પાહાડી આશ્રમમાંથી મને ચેતવણી આપવામાં આવી કે, હું હજી આશ્રમમાં દાખલ થવા તૈયાર નથી, તેથી સંસારમાં પાછાં ફરવું, અને જ્યારે વખત આવશે ત્યારે બોલાવવામાં આવશે. આમ કહી મને એક માળા અને એક મંત્ર આપ્યું, અને તેનો ઉપ્યોગ કરવાની ભલામણ કરી મને પાછો મોકલવામાં આવ્યો.''

મેં ભાઇ ગણપતને કેટલાક સવાલો પુછ્યા, તો માલમ પડયું કે, આત્મજ્ઞાન વિષે તેમને કાંઇ પણ ખબર ન હતી, યોગ વિષે તેઓ કસુ જાણતા ન હતા, અને સંસારમાં હજી તેમને એક બાળકી તરફ ફરજ અદા કરવાની હતી, તો જો કે તેમની પત્ની જ્યારે તેઓ જંગલવાસ હુતા ત્યારે સ્વર્ગવાસ થયાં હતાં. તેમની વૃત્તિ સંસાર તરફ રહીજ નહીં; એટલે વડીલોએ તેમને પાછા સંસારમાં કચડવાને તેમનાં બીજી વાર લગ્ન કરવાની તૈયારી કીધી. પણ તે આગમચ તેઓએ "ભગવદ્‌ગીતા"નો અને યોગનો અભ્યાસ કરવા માંડયો હતો, તેમજ થીઓસોફીકલ સોસાયટીમાં દાખલ થઇ આ ગુઢ વિદ્યાનો અભ્યાસ કરવા માંડયો હતો. આ અભ્યાસ તેમની મનોવૃત્તિને એટલો તો પસંદ પડતો થઇ પડયો કે, હવે તેઓએ તે અભ્યાસ કોઇ મંદીરમાં બેસીને કરવાનો વિચાર કીધો, કારણ કે ઘરમાં તેમનું ચિત્ત લાગતું ન હતું. પણ વળી અહીં વાંધો નડયો: ઘરના વડીલો તેમને મંદીરમાં જઇ બેસવા સામે હરકત લેવા લાગ્યાં. તેથી તેમને સલાહ આપવામાં આવી કે, કોઇ ઓરડી ભાડે લઇ તેમાં એકાંત અભ્યાસ કરવો. આ મુજબ તેઓ અભ્યાસ કરતા હતા, અને ઑફીસને વખતે નોકરી ઉપર આવતા હતા. અહીં તેમને "ધ્યાન" વગેરેની રીતો સમજાવવામાં આવી. અને તે ઉપર તેઓ બહુ ઉલટથી મંડતા હતા. તેમની ભક્તિ ખરેખરી હતી; તેમની નમ્રતા નકલ કરવા જોગ હતી; તેમની સહનશક્તિ બહુ વખાણવા લાયક હતી; અને તેમનો સ્વભાવ બહુ દયાળુ અને રાંક હતો.

. . . . . .

થોડો વખત ગયા બાદ, એક મહાત્મા જ્યારે કોઇ જગ્યા ઉપર અદૃશ્ય રૂપે હાજર હોય છે ત્યારે જે ચિન્હો જણાય છે તે ચિન્હોના પ્રગટ થવા વિષેની ખબર તેઓએ મને કહી, તો જો કે તે વિષે તેઓ પોતે જાણતા કે સમજતા ન હતા. આથી તેમને હિમ્મત આપવામાં આવી, અને તેમના ગુરૂ અને તેમની વચ્ચેનો એખલાસ એટલો ધાડો થતો ગયો કે, થોડા વખતમાં ચોકસ ચીજોની તેમના ઉપર પ્રગટ વૃષ્ટિ થવા માંડી, અને જે મહાત્મા–ગુરૂ સેંકડો માઇલ દુર હતા તેમની સાથ તેમનો વેહેવાર અંત્તરમાં ચાલુ થયો. અહીં કદાચ પેલા રમુજી જીંદગી ગુજારનાર વિદ્વાન મિત્રો શકમંદ થશે; પણ તેમને "મેન્ટલ ટૅલીપથી" અથવા "વાયરલૅસ ટૅલીગ્રાફી"નો હવાલો આપી આપણ ચાલી જઇશું.

આ પછી થોડે થોડે દીવસે ગણપતરાવ સાહેબ રજા લઇ કયાંયે જવા લાગ્યા, અને પછી આખરે——

પછી શું બન્યું, તે સાથ આપણને કામ નથી. અહીં આપણને જોવાનું છે તે એટલુંજ કે, જ્યારે સમય આવે છે ત્યારે લાયકાત મળતાં મહાત્મા ઘર બેઠાં મળે છે; તેમને ભુલેશ્વરમાં કે મંદીરે મંદીર, વનમાં કે જંગલમાં, શહેરમાં કે બજારે બજાર ઢુંડવા જવાની અગત્ય રહેતી નથી. જેઓ આગળ રસ્તો કાપી ગયા છે તેઓએ જે કાયદાઓ અને કાનુનો આપણે માટે હદીયા તરીકે રાખેલા છે તે પ્રમાણે ચાલો; **અશોઇ,** જે આ માર્ગનો મૂળ પાયો છે, તેની ફીલસુફી સમજો અને તે ઉપર અમલ કરો—અને ફત્તેહ આપણી છેજ. પણ જેઓ આ માર્ગમાં ચાલતાં તરેહવાર વિઘ્નો નડવાથી કોઇ "બાદશાહી માર્ગ," કોઇ સેહેલો માર્ગ, શોધે છે, અથવા જેઓને આ માર્ગ "મુર્ખાઇ" ભરેલો લાગે છે, તેઓને નમંતાઇ સાથ અર્જ કરવામાં આવે છે કે, તેઓએ તેમનો વખત આવે ત્યાં લગી ડાહાપણથી થોભવું.

"ઢંઢુકા" મહાત્મા.

કેટલાક અજ્ઞાન જુવાનો જ્યારે કોઇ ભગવાં વસ્ત્રવાળા માણસને જોય છે ત્યારે તેને મહાત્મા માની લે છે, અને તેની આગતા સ્વાગતા કરે છે. એવા ચેલાઓના ગુરૂજી પોતાની જબાંદરાજીથી અને યુક્તિથી ચેલાઓને ભોળવી, ખાઇ પી, મસ્તાન બને છે. એવા ઘણાક મહાત્માઓ હિન્દુસ્થાનમાં વસે છે. તેઓમાના એકે, કાંઇ જ્ઞાન મેળવવાનો કે આપવાનો રસ્તો નહીં સુજ્યાથી, સસ્તી કીર્તિ મેળવવાનો એક સાદો અને સેહેલો રસ્તો શોધી કહાડયો; અને તે એ કે, જ્યાં જ્યાં થીયોસોફીનો કે થીયો-

સોફીકલ સોસાયટીનાં કામકાજનો પ્રસાર થતો સંભળાય, ત્યાં જઇ તેની સામે બંડ મચાવવું. પેહલાં તો તેઓ એકાદ એકાંત જગ્યા પસંદ કરતા, કે ત્યાં તેમનો "વેપાર" ચલાવવાને સવલ પડે. શા કારણ અને શેનો વેપાર તે વાંચનારને હમણાજ માલમ પડશે. ચેલાઓનું પેહલું કામ તો થીયોસોફીકલ સોસાયટી અને તેને લગતી સર્વે બાબદો અને માણસો સામે હેન્ડબીલો છપાવી વેંહેચવાનું હતું; બીજું કામ પોતાનાજ જેવા ચેલાઓને એકઠા કરવાનું હતુ; અને ત્રીજું કામ અભ્યાસ કરવાનું—પણ અભ્યાસ શેનો? યોગનો નહીં પણ તાલીમબાજીનો, અને ગાલ ગલોચનો!

આ "મહાત્મા" પાસે જે ચેલાઓ આવતા હતા તેમના સવાલોના જવાબ આપવાને બદલે "સાધુજી" પોતેજ ચેલાઓને ચોકસ સવાલો કરતા હતા, અને જો ભોગ ચોઘડીએ તેઓમાં કોઇ ચેલો થીયોસોફીનો હિમાયતી માલમ પડતો તો આ મળરૂપ મહાત્માના મોહોમાથી બીભીસ્ત "મોતીઓ અને ઝવાહેરો"ની વૃષ્ટિ થતી હતી, અને બીચારા ઉમેદવાર-ચેલાને બરોબર "સીધીજ કેળવણી" આપવા માટે એવી જગ્યાએ લઇ જવામાં આવતો હતો કે ત્યાં પોલીસની દૃષ્ટિ ન પડે! ઘણાક સત્ય-શોધકો અને મહાત્મા-શોધકો આ "મહાત્મા" અને તેમના ચેલાઓને હાથની ડંકુકા-પ્રસાદી જમી ઘરે આવી ચુપ બેસતા હતા; પણ જેવી હવામાં પોલીસની વાતની ધ્વની થવા માંડતી કે "મહાત્માજી મહારાજ" તે શહેર છોડી પોબારા માપી જતા હતા!

❀

હિંન્દુસ્થાનમાં દીન ઉગત બનતા સંખ્યાબંધ દાખલાઓમાંનાં ઉપલા માત્ર થોડાક દાખલાઓ છે. એમાં ખરેખરાં આત્મજ્ઞાનની ગેરહાજરી કે કોતાઇ સિવાય બીજું કશું નથી. જેઓ આત્મજ્ઞાનનો વાસ્તવીક અભ્યાસ કરે છે તેઓ સમજે છે કે, મહાત્મા મળવા બહુ મુશકેલ કામ છે, અને મહાત્મા થવું એ તેથી વધારે મુશકેલ કામ છે. તોપણ તે દરેક માનસના હાથમાં છે. કોઇ પણ ભગવાં વસ્ત્રવાળા માનસોને મહાત્મા માની લેનારાઓ માટે ખુદ હિન્દુ સાહીત્યમાંથી ખરા મહાત્માનાં થોડાં લક્ષણ અત્રે બતાવવામાં આવે છે, અને આશા રાખવામાં આવે છે કે એવા ખરા મહાત્માઓની રેહેમ નજર પોતા તરફ ખેંચવાને આપણાં સુજ્ઞ વાંચનારાંઓ શક્તિવાન થાય.

वाग्वैखरीशब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वद् भुक्तये न तु मुक्तये ॥

शंकराचार्य (वि. चू.)

"વૈખરીવાણી, શબ્દનો પ્રવાહ, શાસ્ત્રના વ્યાખ્યાનમાં કુશળતા, અને વિદ્વાનોની વિદ્વતા માત્ર ભુક્તિ (ભોગ)ને માટે છે; મુક્તિ (મોક્ષ)ને માટે નથી."

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीना: सुरागिण: ।
तेऽप्यज्ञानतया नूनं पुनरायांति यांतिच ॥

शंकराचार्य (अपरोक्षानुभूति.)

"જે પુરૂષો બ્રહ્મની વાતો કરવામાં કુશળ છે, પણ જેઓની વૃત્તિ ક્ષણુ વાર પણ બ્રહ્મ થતી નથી, તથા જેઓ ઇંદ્રીયોના વિષયોમાં પ્રીતિવાળા છે, તેઓ ખરેખર મોટા અજ્ઞાની છે, અને આ સંસારમાં વારંવાર જન્મે છે ને મરે છે."

जटिलो मुंडित लुंचितकेश:
काशायांबर बहुकृतवेश: ।
पश्यन्नपि च न पश्यति लोक:
उदरनिमित्तं बहुकृतवेश: ॥

शंकराचार्य (चरपटपंजरीका.)

"માથે જટા રાખનારા, માથું મુડાવી નાખનારા, વાળ ખુંચાવી કાઢનારા, ભગવાં કપડાં પહેરી અનેક વેશ ધરનારા, અને પેટ ભરવા માટે બહુરૂપી બનતા લોકો, દેખતાં છતાં પણ આંધળા છે."

ગુરૂ લોભી શીષ્ય લાલચી, દોનું ખેલે દાવ;
દોનુ બુડે બાપડા, બેઠ પથરકી નાવ.
બાંધે શું બંધા મીલા, છૂટેકો ન ઉપાય;
સંગત કીતે નીબંધકી, પલમેં દીએ છોડાય.
સ્વામી હોય શીષ્ય બહુ કીયા, માયા લઇ અપાર;
કબીર માયા લાલચી, સો ગુરૂ ખાયગા માર.

કબીર.

तद विज्ञानार्थं स गुरुमेवा भिगच्छेत् . . . श्रोत्रियं ब्रह्मनिष्ठम्.

मुंडकोपानिषद्

"તે [જ્ઞાન] જાણવા માટે તેણે વેદ જાણનારા અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસે જવું જોઇએ."

विजानन् विद्वान् भवते नाति वादी, आत्मक्रीड आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः॥

मुंडकोपनिषद्

"(બ્રહ્મને) જાણુવાવાળો વિદ્વાન્ પુરૂષ બહુ બકવાટ કરતો નથી. એ તો પોતાને વિષેજ રમે છે, પોતાનામાંજ આનંદ ભોગવે છે અને ક્રિયા કરે છે, અને એજ પુરૂષ બ્રહ્મ જાણુનારાઓમાં સર્વોત્તમ છે."

उपसीदेद् गुरुंप्राज्ञं यस्माद् बंधविमोक्षणम्
श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः
ब्रह्मणि उपरतः शान्तो निरिन्धन इवानलः।
अहेतुक दयासिन्धुर्बन्धुरा नमतांसताम्॥

शंकराचार्य (विवेक चूडामणि.)

"(જીજ્ઞાસુ પુરૂષે) વેદને જાણુનાર, શરણે આવેલાને નહિ તરછોડનાર, સર્વ કામનાથી રહિત, બ્રહ્મ જાણુનારાઓમાં ઉત્તમ, બ્રહ્મમાં રમણુ કરનાર, લાકડાં રહિત અગ્નિના જેવા શાન્ત, કોઇ પ્રકારની લાલચ વગરના, દયાના સાગર, અને શરણે જનાર સાધુ પુરૂષોના બાંધવ, એવા વિદ્વાન ગુરૂને શરણે જવું કે જેનાથી સંસારના બંધથી છુટકારો થાય."

शान्ता महान्तो निवसन्तिसन्तः
वसन्तवल्लोकहितं चरंतः।
तीर्णाः स्वयं भीम भवार्णवं जनाः
न हेतु नान्यानपि तारयन्ति॥

"વસંત રૂતુની માફક લોકોનું કલ્યાણુ કરતા, અને ભયંકર સંસાર સમુદ્રને પોતે તરી ગયલા, શાંત અને સાધુ મહાત્માઓ કંઇ પણુ સ્વાર્થ વિના બીજા લોકોને પણુ સંસાર સમુદ્રમાંથી તારવાને જગત્માં વસે છે."

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा
सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम्।

मुंडकोपनिषद्.

"હંમેશાં સત્ય બોલવાથી, હમેશાં મન અને ઇંદ્રીયોને કાબૂમાં રાખવા રૂપ તપથી, હમેશાં શુદ્ધ જ્ઞાનથી અને હંમેશના બ્રહ્મચર્યથી આ આત્માનું દર્શન થાય છે (આત્મજ્ઞાન થાય છે)."

અમેરીકા ખાતે પણ હમણા એવા ઘણા ઢોંગો ચાલી રહેલા છે. અને ત્યાં પણ મહાત્મીક અને પેગામ્બરી દાવો કરનારાઓ ફુટી નિકળતા જાય. છે. તેઓમાં એક અસલી સુર્યપરસ્તી [જરથોસ્તી] દીન શિખવવાનો દાવો કરે છે, અને જો કે તેનાં શિક્ષણમાં તેણે કેટલાક પરહેજગારીના કાનુનો દાખલ કીધા છે, પણ "જરદુસ્ત હનીશ" જેવાં એક લંબાન નામ તળે જે દાવો તે કરવા માંગે છે તે દાવો કેવો કલ્પીત હશે તે તેની એક ચેલીની થઇ પડેલી હાલત ઉપરથી માલમ પડશે. આ દાખલો **જામે જમશેદ** ઉપરથી લેવામાં આવ્યો છેઃ—

"નયુયોર્કનો અમારો ખબરપત્રી જણાવે છે કે મીસ ઇ. રયુસ નામની ન્યુયોર્કની એક જાણીતી સંગીત શીક્ષક ગઇ તા. ૬ઠી મે[૧૯૦૪]ને દીવસે દીવાની બની ગઇ હતી, અને તેણીએ પાળેલા અપવાસના પરીણામમાં તેણીને ઓસપીટલમાં લઇ જવામાં આવી હતી. કેટલાક વખતની વાત ઉપર મીસ રયુસ સુરજને પુજનારા ઇરાનીઓની રસમ ઉપર મોહી પડી અને તેઓની શીખવણીથી તેણીએ કેટલાંક અઠવાડીયાં સુધી અપવાસ પાલ્યો હતો અને હાલમાં તેણી હાડપીંજર જેવી થઇ ગઇ છે. ગઇ તા. ૫મી મેને દીને તેણી ઉશ્કેરાઇ ગઇ હતી અને પોતાનો સરસામાન ઘરની બહાર ફેંકી દીધો હતો. ત્યાર પછી તેણીના પાડોશીઓ વચ્ચે પડયા અને તેણીને આસપીટલમાં લઇ ગયા. તેણીને આસપીટલમાં લઇ જવામાં આવ્યા પછી તેણીએ એક શુદ્ધ વાકય ઉચાર્યો નથી."

વૈરાગ બુક ડીપો,

મનોરદાસ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

નવાં પુસ્તકો, ચોપાન્યાંઓ, વગેરે.

જરથોશ્તી રાહબર—

આ પુસ્તકમાં ધ્યાનથી એકજ નજર નાંખવે જરથોસ્તી ધર્મને લગતી ફીલસુફી, નીતિ, ક્રિયાઓ વગેરેનો અક્કલપસંદ અને વિધાનુસાર ખુલાસો મળે છે. વિદ્વાનો અને અભ્યાસીઓએ એક સરખી રીતે વખાણેલું. ધર્મ સંબંધી આચારનો વિસ્તાર ઓહોળો થાય છે, અને જરથોશ્તી ધર્મના કેટલાક ભેદોને ખુલ્લા કરવામા આવ્યા છે. દરેક જરથોશ્તીને વાંચવા લાયક, અભ્યાસ કરવા લાયક, મનન કરવા લાયક.

કિંમત—રૂપીયો એક, પોસ્ટેજ આના ત્રણ.

મીસીસ એની એઁઝંટ કૃત

દેવતાઓ અને તેમના કામો—

દેવતાઓ અથવા યજદો અને તેમનો જગતમાં શો અધિકાર છે તે વિષે આ નાના ચોપાન્યાંમાં બહુ માઆકુલ સમજ આપવામાં આવી છે, અને જે દીનદાર જરથોસ્તીઓને યજદોને માટે દેવતાઓ શબ્દ વાપરવામાં કસો વાંધો ન હોય તેમને આ ચોપાન્યું યજદો વિષે પુષ્કળ રોશની આપશે.

કિંમત—આના ચાર.

Thoughts on Vegetarianism.

BY

Miss EMMA C. ALLISON.

"This essay puts the case of Vegetarianism almost too strongly to produce conviction."—*Bombay Gazette.*

PRICE ANNAS FOUR.

Including Postage.